# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

**આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ**

No. 39-June 2007 **MATRUBHASHA** Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૩૯ - જૂન ૨૦૦૭ | માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી | કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ


## આગ લાગે તો ઠારો, ગાંઠ પડે તો છોડો



હું કારમાં મેલબર્નથી વોર્નામ્બૂલ જઈ રહ્યો હતો. આ રસ્તો બંને બાજુ ગીચ ઝાડીઓથી ભરપૂર છે. ઉનાળાનો સમય હોવાથી બધા ઝાડોની આસપાસનું ઘાસ સુકાઈને પીળું થઈ ગયું હતું. જાણે કે સોનેરી ચાદર પર લીલાંછમ ઝાડવાંઓનું ચીતરામણ કર્યું હોય તેવું મનોરમ્ય દૃશ્ય હતું. મારી આગળ એક ટ્રક જતો હતો. તેને ઓવરટેક કરવાની મથામણમાં હું પડ્યો. ત્યાં ટ્રક ધીમો પડ્યો, એની બ્રેકની લાલ લાઈટ જોરથી ઝબકી ઊઠી અને રસ્તો ચાતરીને ટ્રક ઊભો રહી ગયો. આગળ કંઈક ભય છે તેવો સંકેત સમજીને મેં પણ કાર ટ્રકની પાછળ ઊભી રાખી. ટ્રક ડ્રાઈવર ઉતર્યો, તેના હાથમાં પાણીની બોટલ હતી. હું પણ કારમાંથી ઉતરીને તેની પાછળ ગયો. આગળ રસ્તાની બાજુમાં થોડું ઘાસ સળગી રહ્યું હતું. કોઈકે અળવીતરાએ કદાચ સળગતી સિગરેટ ફેંકી હશે. ડ્રાઈવરના અનુસરણ રૂપે હું પણ દોડતો જઈ મારી કારમાંથી પાણીની બોટલ લઈ આવ્યો. પણ એટલા પાણીથી આગ બૂઝી નહીં. તે દોડતો જઈને ટ્રકમાંથી ઊનનો ધાબળો લઈ આવ્યો. ધાબળાથી મારીમારીને તેણે આગ બુઝાવી નાંખી. સાથે સિગરેટ ફેંકનારને ગાળો દેતો બોલતો જતો હતો, 'સા. . અક્કલ વગરના, અવળચંડા, સમાજમાં કેમ રહેવું તેનું ભાન જ નથી.' મારા તરફ જોઈને કહે, 'આ આગ અત્યારે ન બુઝાવી હોત તો જોતજોતામાં પ્રસરીને આખા વનને બાળી નાખે. એક તીખારો કેટલું બધું સત્યાનાશ સરજે તે મેં જોયું છે. વન બાળે, ખેતરો બાળે, કોઈકના ઘર પણ બાળે અને કોઈવાર માણસને પણ ભરખી જાય. તીખારાને તો તરત જ ઠારી નાખવો જોઈએ.' ટ્રક ડ્રાઈવર મોટે ભાગે બહુ ભણેલા ન હોય. પણ રાત દિવસ બધી જ ઋતુઓમાં દેશભરના અનેક રસ્તાઓ પર ટ્રક ચલાવીને, અનેક આગ ને પૂરમાંથી પસાર થઈને તેમને અનુભવનું જ્ઞાન અગાધ હોય છે.

કુટુંબમાં, સગાસંબંધીમાં, સમાજમાં, પણ આવું જ છે. ખોટા શબ્દનો એક તીખારો, એકાદ અળવીતરું કામ, લાગણીઓના સોનેરી ઘાસમાં આગ લગાડી દે છે અને તેને જો ત્યારે જ બુઝાવવામાં ન આવે તો સબંધોના વનને બાળીને ભસ્મિભૂત કરી નાખે છે. ઉપાય અરસપરસની સમજણમાં છે. સબંધો બગાડવાના હજારો રસ્તા છે પણ સુધારવાનો રસ્તો શોધવો પડે છે. પ્રયત્ન કરવા જેવો છે. શ્રદ્ધા હોય તો સફળતા અવશ્ય મળે અને સુખની લીલાલહેર રહે.

બહુ તાણીએ તો તૂટી જાય. એટલા જ માટે 'તાણવું ભલે પણ તૂટવા ન દેવું' એ ગુજરાતીની બહુ શાણપણભરી ઉક્તિ છે. માણસને પોતાની સૌથી નજીકની વ્યક્તિ સાથે જ મનદુઃખ વધારે થાય છે. બે વાસણ ભેગા હોય તો ખખડે, તેવી જ વાત. થોડો અવાજ થાય ને ચલાવી લેવામાં આવે તો હસતા હોય એવા લાગે. પણ જો જોરથી ભટકાય તો ઘોબા પડે. એ ઘોબા ઉપાડી લઈએ તો પણ તેના ડાઘ તો રહી જ જાય. બાપ-દીકરા, પતિ-પત્ની, સાસુ-વહુ, ભાઈ-બેન, ભાઈ-ભાઈ, શાળા-બનેવી, એવા બધા જ પ્રકારના કૌટુંબિક સંબંધો લાગણીઓના કાચા તાંતણે બંધાયેલા હોય છે. નાનીમોટી તાણ તો તે સહન કરી લે પણ વધારે તાણીએ તો તૂટી જાય. પછી સંધાય તો પણ તેમાં ગાંઠ તો રહી જ જાય. અને અતિતની એ ગાંઠ હંમેશાં લટકતી તલવારની જેમ ભવિષ્યના સંબંધની મીઠાશ પર તોળાયેલી જ રહે.

સબંધોમાં ઘણીવાર નાનીમોટી ગેરસમજણથી અપ્રિય ભાવનાની ગાંઠ પડી જવાની શક્યતા છે. આ ગાંઠ પડે ત્યારે ગેરસમજણ દૂર કરી તરત જ છોડી નાખવી જોઈએ, નહિતર તે મજબૂત બની જવાની શક્યતા રહે છે. અને ગાંઠ છોડવાનો મુખ્ય મંત્ર એ છે કે 'ઢીલ મૂકવી', 'નમતું જોખવું,' 'સહનશીલ બનવું.' કારણ કે ગાંઠ પડવાથી સબંધો હતા તેવા રહેતા નથી, એ બદલાઈ જાય છે અને કાળે જતાં જેમ ગાંઠ મજબૂત બનતી જાય છે તેમ સંબંધો વિકૃત બનતા જાય છે.

ભગવાન બુદ્ધે એકવાર ભિક્ષુઓને ઉપદેશ આપવાના અર્થે એક રૂમાલમાં થોડી ગાંઠો વાળી અને તેમને એ રૂમાલ આપીને પૂછ્યું, 'મને કહો કે આ રૂમાલ એનો એજ છે કે બદલાઈ ગયો છે ?'

ભિક્ષુઓ દ્વિધામાં પડી ગયા કે ઉત્તર શું આપવો ? રૂમાલ બદલાઈ ગયો છે એમ કહે તો ખોટું ઠરે કારણ કે રૂમાલ તો એનો એ જ છે. પણ હવે એ ખુલ્લો નથી એટલે એ રૂમાલથી હાથ ન લૂછી શકાય કે તેમાં કાંઈ બંધાય નહીં એટલે રૂમાલ નથી બદલાયો એમ પણ ન કહી શકાય. એટલે એક રીતે જોતાં રૂમાલ એનો એ જ છે પણ ગાંઠ પડવાથી એની ઉપયોગીતા ઘટી ગઈ છે. અંતે એક ભિક્ષુએ ઊભા થઈને કહ્યું, 'ભંતે, આપના પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર કઠીન છે એટલે એટલું કહી શકું કે હવે એ રૂમાલ લગભગ બદલાઈ ગયો છે.' આ પ્રશ્ન અને તેના ઉત્તરમાં તત્ત્વજ્ઞાનનો એક ગહન મુદ્દો છુપાયેલો છે. રૂમાલ સ્વરૂપથી બદલાયો નથી પણ હવે તે વ્યવહારથી બદલાયો છે. સંબંધોનું પણ એવું જ છે. ગાંઠ પડવાથી સબંધ બદલાતો નથી પણ તેની વ્યાવહારિક ઉપયોગીતા ઘટી જાય છે.

રૂમાલને હાથમાં લઈ ભગવાન બુદ્ધે કહ્યું, 'હવે હું આ રૂમાલની ગાંઠો ખોલવા માગું છું.' એમ કહી તેમણે રૂમાલના બે છેડા પકડી જોરથી ખેંચ્યા. તેનાથી તો રૂમાલની ગાંઠો ખૂલવાને બદલે વધુ મજબૂત બની.

એ જોઈ ભિક્ષુ બોલી ઊઠ્યો, 'ભંતે, આપે આ શું કર્યું ? આમ તે કાંઈ ગાંઠ ખૂલે ? ખેંચવાથી તો ગાંઠો વધુ મજબુત બને.'

'તો હું શું કરું ?' બુદ્ધે પ્રશ્ન કર્યો, 'મારે રૂમાલ હતો તેવો જોઈએ છે.'

ભિક્ષુએ કહ્યું, 'પહેલાં તો ગાંઠનો અભ્યાસ કરવો જોઈએ. જે દિશામાં વળ હોય તેનાથી ઉલટી દિશામાં ફેરવવાથી ગાંઠ ઢીલી પડશે અને પછી સહેલાઈથી ખોલી શકાશે. સમજ્યા વિના લાગણીવશ થઈ રૂમાલને ખેંચવાથી તો ગાંઠ ખુલવાને બદલે વધુ ગાઢ બની જાય.'

આપણા કૌટુંબિક સબંધોના માળખાને રસ ભરપૂર અને પ્રેમ સભર રાખવાનો આ જ એક મહામંત્ર છે. ગેર સમજણ થાય, મનદુઃખ થાય, અણગમતો બનાવ બને, તો ગાંઠ પડે ત્યારે ઉલટી દિશામાં નમી જઈને ગાંઠ પોચી કરો અને તેને ઉકેળી નાખો.

આખરે તો આપણી પાસે જિંદગી એક જ છે અને ગીતાના ઉપદેશ પ્રમાણે जातस्य हि ध्रुवं मृत्यु. જેનો જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત છે. પાછળ ખારાશના દરિયાને બદલે મીઠાશભર્યું ઝરણું મૂકી જાવું બહેતર છે.

### સુખની શોધ

સુખ અને દુઃખ એક સિક્કાની બે બાજુ છે એટલે જ એકબીજા સાથે જોડાયેલા છે. સિક્કો ઊછળ્યા કરે તેમ સુખ પછી દુઃખ આવે અને દુઃખ પછી પણ સુખ આવવાનું જ. આટલું સમજી લે તે માણસ હંમેશાં સુખી રહી શકે.

સુખ માણસનો જન્મસિદ્ધ હક્ક છે. ધીરજ, આશા અને શાંતિ જાળવી રાખશો તો જીવનની દરેક પરિસ્થિતિમાં સુખ અવશ્ય પ્રાપ્ત થશે.

સુખ પામવાની ક્ષમતા તમારામાં છે જ. સુખ તમારી ભીતરમાં જ સમાયેલું છે. એને ઓળખો. સમસ્ત સમાજને પડકાર ફેંકો કે આ સુખ મારું જ છે અને મારી પાસેથી એ કોઈ છીનવી શકશે નહીં.

સાચું સુખ ધન કે સંપત્તિમાં નથી, માન-મરતબામાં નથી, સત્તા કે વિજયમાં નથી, ઈંદ્રિયોના આનંદમાં નથી, યાત્રાના ધામોમાં નથી, પર્યટનોમાં નથી કે મંદિરોની પૂજામાં નથી. સાચું સુખ છે આત્મશાંતિમાં.

Publication :MATRUBHASHA.(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com
છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહીં.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**Subscriptions:**

Australia: Yearly, $15.00, 5 years 65.00
Pay to : Pravin Vaghani
Post: 4 Fiona crt. Glen Waverley Vic 3150
Or, Direct credit at bank or on internet:
BSB 063 587 A/c no. 1018-0401

UK: Yearly, £10.00, 5 years 40.00,
Pay to: Parivaar Communications, 'KUTIR'
C/- Vipul Kalyani – Editor 'OPINION'
4 Rosecroft Walk, Off Crawford ave.
WEMBLEY Middlesex HA0 2JZ UK

USA: Yearly US$12.00, 5 years $50.00
Pay to: Pravin C. Patel
80 Corona crt. Old Bridge NJ 08857

**Adopt a Library in Gujarat.**
Subscribe to 'MATRUBHASHA' and have it delivered to a library in Gujarat as your donation.

# ગું જ ન

## ⌘ કવિઓમાં તકરાર ⌘

**મનુ હ. દવે ('અખંડ આનંદ'માંથી સાભાર)**

કવિઓમાં પડી એક તકરાર,
ઊભરાઓ ઠાલવવા ત્યાં તો તુર્ત ભરી દરબાર,
બધાં સૌ બેઠાં નર ને નાર
નાનાલાલ - રસગીતો ગાનારો આ હું વસંત પૂજણહાર
સાડત્રીસ વર્ષથી ટહેલું કોને છે દરકાર ?
આવીયો આત્મપ્રશંસાવાર.
ખબરદાર - મોટાં કાવ્યો લખનારો ગુજરાતીનો રખવાળ
મૂંગી સેવા કરું છતાંયે ટીકા તણો અંબાર
કહો ક્યાં કદર દીસે ગુજરાત ?
નરસિંહરાવ - વડ્ઝવર્થની શૈલીમાં મેં કર્યો નૂપુર ઝંકાર
સરવાળામાં માન મળ્યું કે તરજુમા કરનાર
જુલમનો કહો ક્યાં છે પાર ?
લલિત - મંજીરા લઈ ઘર ઘર જઈ ગજવ્યો ગુજરાત
'લલિત લખે છે માત્ર ભજનિયાં અર્થ વગરની વાત'
કહે છે એવું પણ કહેનાર.
મેઘાણી - દેશભક્તિનાં, મર્દજંગના રણશિંગા ફૂંકનાર
છતાં કહે છે, 'પ્રચારકાવ્યો ઝાઝો છે ના સાર'
ચિતાઅંગાર સમો સંસાર
બળવંતરાય - અર્થભારથી ભર્યાં કાવ્યનો એક હું જ ઘડનાર
લોક કહે છે, 'આ કવિતાથી માથાં છે ચડનાર.'
દવાની શોધ કોઈ કરનાર ?

## ⌘ આગળ છે ગુજરાતી ⌘

**સાંઈરામ દવે, ગોંડલ**

બધાં રાષ્ટ્રમાં બધાં રાજ્યમાં બધાં
મલકમાં સદા મોજમાં,
સતત ખોજમાં રોજેરોજમાં,
દુનિયાભરમાં આગળ છે ગુજરાતી.
ગુર્જરધરાને વંદન કરો,
ભારતમાતાને વંદન કરો.
સોમનાથ ને દ્વારકા લોથલ ને મોઢેરા,
ડાકોર અંબાજી સાપુતારા,
પાવાગઢ પાલીતાણા સાસણ ને ચોટીલા,
ઊંઝા ઉમિયાજી આશાપુરા
ગુર્જરધરાને વંદન કરો,
ભારતમાતાને વંદન કરો.
મહેમાન થઈને જ્યાં ભગવાન આવે છે,
સંતોની આ છે ભૂમિ,
સુખમાં છકે નૈં જે, દુઃખમાં રડે નૈં જે,
મરદોની આ છે ભૂમિ
જે જીવે શાનથી, જે જીવે માનથી,
જે મરે સન્માનથી, જે ડરે ભગવાનથી,
ગુર્જરધરાને વંદન કરો,
ભારતમાતાને વંદન કરો.
નવરાત્રી દિવાળી હોળીના તહેવારો,
ઉત્સવની પ્રેમી પ્રજા,
પૂનમ શરદની વાહ ઉતરાયણ અહીંની વાહ,
ફરકે ધરમની ધજા,
એવરત ને જીવરત, ભાઈબીજ ફુલકાજણી,
ઈદ ને રમઝાન જ્યાં, પર્યુષણ જન્માષ્ટમી
ગુર્જરધરાને વંદન કરો,
ભારતમાતાને વંદન કરો.
તરણેતર વૌઠા ને શિવરાત્રીના મેળા,
માધવપુર મોજુ લૂંટે,
કાર્તિકી પૂનમનો, સાતમ ને આઠમનો,
આનંદ જ્યાં ના ખૂટે,
'સાંઈ' ક્યે ગુજરાતમાં ઈશ્વરી કોઈ અંશ છે
ઉન્નતિ ઉમંગ છે, વિકાસનો જ્યાં પંથ છે,
ગુર્જરધરાને વંદન કરો,
ભારતમાતાને વંદન કરો.

## ⌘ સૂરજ ક્યાં હતો ? ⌘

**જયંતિ એમ. લાલ, મુંબઈ**

આકાશમાંથી અગણિત ટપકતાં
આંસુઓને
હવામાં લહેરાતા વૃક્ષોએ
તરંગી દરિયાની લહેરોએ
લીલીછમ હરિયાળી ધરતીએ
ઝીલી લીધાં, ત્યારે સૂરજ ક્યાં હતો ?
શરીરમાંથી અસહ્ય ટપકતાં,
રક્તકણોને
સળગી ઉઠતી ધરતીએ,
ઈસુને વીંધી રહેલા પાષાણ હાથોએ,
મૃત્યુ સમયના પ્રસન્ન હાસ્યે,
ઝીલી લીધાં, ત્યારે સૂરજ ક્યાં હતો ?
કોમી દાવાનળની ટપકતી
તરસને
છરા, રાઈફલ, બંદૂકના ભડાકે,
અંધ બનેલા, બર્બર શયતાને,
માનવલોહીના તરસ્યા રાક્ષસે,
ઝીલી લીધાં, ત્યારે સૂરજ ક્યાં હતો ?

## ⌘ પિતાને અંજલી ⌘

(દરેક દેશમાં ફાધર્સ ડે ઉજવાય છે. અહીં દલપતરામે પિતાને આપેલી અંજલી યાદ કરીએ.)

પિતા છત્ર છે, માતા સર્વત્ર છે
તમે વૃક્ષની સમૃદ્ધિ છો,
ઉઘડતા આકાશનો ઉજાશ છો,
તમે પિતા છો.
પહાડ જેવા પિતા અને ઝરણા જેવી માતા,
એક બતાવે ટોચ અને એક આપે શાતા.
માતા ધરતી, પિતા આકાશ,
બંને વચ્ચે સુરીલો પ્રાસ,
માતા હવા, પિતા શ્વાસ,
બ્રહ્માંડનો આ સર્જન રાસ.

## ⌘ બે ખબર ⌘

**ઉપેન્દ્ર ગોર, યુકે**

ક્યાંનો હું, ક્યાં જવાનો ? આવ્યો ત્યારનો
આંટાફેરા કરું છું. બેખબર છું !
આંખ ફરે, મન ફફડે,
ધરતી ફરે, ઘાણીના બળદની જેમ
બેખબર છું !
આવ જા કરું છું, સહન કરું છું,
જોઈ જાણીને, ભવાટવીના આંટાફેરા કરું છું,
બેખબર છું !
ક્યાંનો હું, ક્યાં જવાનો ?
આવ્યો ત્યારનો આંટાફેરા કરું છું.
બેખબર છું !
થઈ જશે પરમાર 'કન્હૈયા'
મીથા કંઈક ઝેરની અસર થઈ જશે,
ચોરે ને ચૌટે બધે ખબર થઈ જશે.
હોતું નથી તેડું તમાશાને કદિ,
જોનારની સ્થિર નજર થઈ જશે.
ોક ટીપું જો વહેશે આંસુ,
લાગણીઓ કોઈકની પ્રખર થઈ જશે.
ચૂપચાપ બેસવાનો અર્થ ક્યાં કશો,
જિંદગી નાહકની કરકસર થઈ જશે.
ચાલ ઊઠાવીને )ાર જીવતર છે જેટલું,
માણસાઈની કોક દિ કદર થઈ જશે.
ફૂલ બની જીવું છું એટલે 'કન્હૈયા',
મહેક મારી હાજરી વગર થઈ જશે.

## ⌘ લેણું અપરંપાર ⌘

**ભાનુપ્રસાદ પંડ્યા, રાજકોટ**

મા ! તુજ લેણું અપરંપાર
નહીં ચૂકવી શકું કદી પણ
ધરું લાખ અવતાર.
જનમભોમકા ! તુજ રજકણ મુજ
અંગઅંગમાં વીખરે
તવ નદિયનનાં વિમલ નીર મમ
'રગરગમાં શાં ફરે !
ભારતના વાયુમંડળનો સુણતો
શ્વાસ શ્વાસ ધબકાર !
ફૂલ ફૂલ સંગાથે ઊઘડે ઉરમાં
સહુની સ્નેહ સુગંધ,
કોટિકોટિ અમ લોહભુજામાં
તુજ સરહદ અકબંધ !
મબલખ માનવમેળો હલકે એ
સાચો મુજ પરિવાર,
મા ! તુજ લેણું અપરંપાર

## યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે

પ્રવીણ વાઘાણી

ચંપકલાલ પોતાના અર્ધી ટાલવાળા માથા પર હાથ ફેરવતા દૂર સુદૂર ઊગતા સૂર્યને જોઇ રહ્યા હતા. વૈશાખ જેઠના ધોમ તડકામાં સેકાઇ સેકાઇને સૂકી ઢફ થઇ ગયેલી ધરતીને ગઇકાલે અષાઢી બીજના વરસાદે ગાજવીજ સાથે અંધરાધાર વરસીને તરબોળ કરી દીધી હતી. 'ભીની માટીની સુગંધ આવે આજે' એમ ધરતી આજે તેની વહાલસોઇ છાતીમાંથી સુગંધનો પમરાટ ફેલાવી રહી હતી. મહિનાઓથી વારીની તરસી ધરતી આજે ધરાઇને ઓડકાર ખાતી હોય તેમ ઠેર ઠેર લીલું ઘાસ ઊગી રહ્યું હતું. આનંદથી નાચી રહેલા પંખીઓનો કલરવ વાતાવરણને સંગીતથી આહ્લાદક બનાવી રહ્યો હતો.

પણ ચંપકલાલ અને તેના પત્ની અનિતાના હૃદયમાં વરસો પહેલાં લગાવાયેલી આગને ટાઢી પાડવાની આ અષાઢી હેલીમાં પણ તાકાત ન હતી. એ એક એવી આગમાં સંડોવાઇ ગયા હતા જેને સમાજની અંધશ્રદ્ધા અને નીતિ નિયમોએ અનેક ઘરોમાં લગાડી હતી અને તેમાં જે ફસાઇ જાય તે જિંદગીભર બળતા રહે અને ઊના નિઃસાસા નાંખતા રહે.

પાછળ હિંચકા પર બેઠી કોઇક ધાર્મિક પુસ્તક વાંચતી પત્ની તરફ નજર કરી તેમણે એક મોટો નિઃસાસો નાંખ્યો. આવું તો દરરોજ બનતું. તેમના નિઃસાસાનો અવાજ સાંભળી અનિતાએ પુસ્તકમાંથી નજર ઊંચી કરી અને તેમના તરફ જોઇ બોલી, 'હવે તો એ વિચાર તમારા મનમાંથી કાઢી નાખો. અર્ધી જિંદગી વહી ગઇ એના પર તો. ઇશ્વરને મંજૂર હતું તે થયું. કેદિની કહું છું કે બધું ભૂલીને પ્રભુભક્તિમાં મન પરોવો એટલે મનને શાંતિ થશે.'

'શાંતિ ? મને શાંતિનો શું હક્ક છે ? અને ભક્તિ ? મને હવે ભક્તિ શબ્દ પ્રત્યે નફરત છે. માતૃભક્તિ ! પિતૃભક્તિ ! અને ફળ સ્વરૂપે મને, આપણને શું મળ્યું ? આવી ભક્તિ કરતાં તો માબાપ સામે, સમાજ સામે બળવો પોકાર્યો હોત તો સારું હતું.' આવેશવશ બોલતાં ચંપકલાલ ફરી એકવાર હંમેશની જેમ આરામ ખુરસીમાં ફસડાઇ પડ્યા અને શૂન્યાવકાશ આંખોથી છત તરફ તાકી રહ્યા. અનિતાએ પણ એમની નજર સાથે નજર છત તરફ માંડી અને બંને જાણે કે વર્ષો પહેલાં બનેલા એ પ્રસંગો ચલચિત્રોની જેમ જોઇ રહ્યા.

ચંપકલાલે બી..એ. પાસ કર્યું અને મામાની લાગવગથી એને રેવન્યુ ખાતામાં નોકરી મળી ગઇ. સરકારી નોકરીની સ્થિરતાથી ઉત્સાહિત થઇને તેના પિતાએ તેના લગ્ન કરી નાંખ્યા. અનિતા સારા ઘરમાંથી આવી હતી, ગુણિયલ અને સુશીલ હતી. તેણે આવતાં વેંત ઘરની બધી જવાબદારી ઊપાડી લીધી. સાસુસસરાની એવા પ્રેમભાવથી સેવા કરતી કે જે કોઇ જાણે તે તેના મન ભરીને વખાણ કરતાં હતાં. ઘરમાં સુખ જાણે હિલોળા લેતું હતું.

સમય જતાં અનિતાને સારા દિવસો રહ્યા. સોનામાં સુગંધ ભળી. પોતે હવે દાદાદાદી બનશે એ વિચારથી ધનસુખલાલ અને રેવતીબેનના આનંદની કોઇ અવધી ન હતી. તેમણે તો અત્યારથી જ ઘરનો એક રૂમ આવનાર બાળારાજા માટે સજાવવાનું શરૂ કરી દીધું. પરંતુ ભરતી પછી ઓટ ન આવે તો તો કુદરતી નિયમનો ભંગ થાય.

ધનસુખલાલની નાની બેન લીલાવતી હરખ કરવા ભાઇને ત્યાં દોડી આવી. ધનસુખલાલ અને રેવતીબેને તેને આવકારી અને બાળારાજાના સત્કાર માટે જે તૈયારી કરી રહ્યા હતા તે બધું હોંશે હોંશે બતાવ્યું. સ્ત્રીસુલભ શંકાભાવથી લીલાવતી પૂછી બેઠી, 'ભાઇ, તમે બાળારાજાના આગમનની રાહ જોઇ રહ્યા છો, પણ જો લક્ષ્મીદેવી અવતરશે તો તમે શું કરશો ?'

'પહેલે ખોળે દીકરી ?' રેવતીબેનના માથામાં સબાકો આવ્યો. આંખો ચકળવકળ થઇ ગઇ, 'ના, ના, એક તો આપણે એકનો એક દીકરો અને પહેલે ખોળે દીકરી આવે તો આપણો વારસદાર ક્યારે આવે ? હું એ હરગિઝ નહિ ચલાવી લઉં.'

'એ કંઇ તારા કે મારા હાથની વાત થોડી છે ?' ધનસુખલાલ બોલ્યા, 'વિધાતાએ જે લેખાં કર્યા હોય તે પ્રમાણે થાય.'

'વિધાતાના લેખમાં હવે માણસ ફેરફાર કરી શકે છે.'

'કેવી રીતે ?'

'આપણે સોનોગ્રાફી કરાવીશું.' રેવતીબેનથી જરા મોટેથી બોલાઇ ગયું.

અનિતા સાસુસસરાનો આદર કરતી અને તેમનો મલાજો પાળતી.. તેઓ બેનને ઉપરનો રૂમ બતાવવા લઇ ગયા એટલે તે પોતાના કામમાં લાગી રહી. પણ 'સોનોગ્રાફી' શબ્દ કાને અથડાતા તે કુતુહલને રોકી ન શકી અને દાદરા પાસે આવી. ધનસુખલાલ બોલતા હતા, 'એક તો સોનોગ્રાફી કરાવવી એ જ કાયદાની વિરુદ્ધ છે. પણ ધાર કે સોનોગ્રાફી કરનાર કોઇ ડોક્ટર મળી ગયો અને ખબર પડી કે આવનાર બાળક દીકરી છે તો તું શું કરીશ ?'

'એ મને નથી ખબર. હું તો એટલું જ જાણું કે આવનાર દીકરો જ હોવો જોઇએ.'

'આ તું બોલે છે ? તું પોતે તો પહેલા ખોળાની હતી !'

'એટલે જ કહું છું. મારા જનમ પછી મારા દાદાદાદીએ મારી મા ઉપર માછલા ધોવામાં કાંઇ ખામી નહોતી રાખી. અને મારા ભાઇના જન્મ પછી ઘરમાં મારી કિંમત બે કોડીની પણ ન રહી. હું તો જાણે ભાઇની નોકરાણી. મને પૂરું ભણવા પણ ન દીધી. હું નથી ઇચ્છતિ કે એવું આપણા ઘરમાં બને.'

'દીકરી આવે તો એને પણ પૂરતો પ્રેમ આપીને તું એવું બનતાં રોકી શકે છે.'

'મને એટલી બધી નફરત મળી છે કે મારા દિલમાં દીકરાની દીકરીને આપવા માટે પ્રેમનું એક બુંદ પણ નથી. આ કુટુંબની સુખશાતિ જાળવી રાખવાં હોય તો અનિતાને અધરણીમાં દીકરો જ આવવો જોઇએ.'

સાંજે ચંપકલાલ ઓફિસેથી ઘેર આવ્યો ત્યારે અનિતાએ પોતે જે વાત સાંભળેલી તે બધી પતિને કરી. 'એવી ચર્ચા તો થાય' એમ કહી ચંપકલાલે અનિતાને એ વાત પર બહુ ધ્યાન ન આપવા સમજાવી. પણ બીજે દિવસે જ્યારે રેવતીબેને ચંપકલાલ પાસે સોનોગ્રાફી કરાવવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે તેને બહુ આઘાત લાગ્યો. 'બા, દીકરો હોય કે દીકરી તે અત્યારથી જાણીને શું કરવું છે ? વિધાતાએ આપણે ત્યાં જેને મોકલવાનું નક્કી કર્યું હશે તે જ આવશે ને ? મજા તો તે જ દિવસે જાણવામાં છે ને ?'

'બેટા, ફક્ત જાણવા માટે સોનોગ્રાફી કરાવવાનું નથી કહેતી.'

'તો શેને માટે ?'

'મારે આ કુટુંબનો વારસદાર જોઇએ છે અને તે અનિતાએ અધરણીમાં જ આપવો જોઇએ. જો દીકરી પહેલાં આવતી હોય તો તેને આવતી રોકવી પડશે.'

ચંપકલાલને જાણે કોઇએ મોટો ફટકો માર્યો હોય તેમ હચમચી ઉઠ્યો. તે બરાડી પડ્યો, 'બા, તમે શું કહો છો તેનું તમને ભાન છે ? વિજ્ઞાને પ્રગતિ કરીને શોધખોળ કરી છે તે માનવજાતિના સુખ માટે કરી છે. નહિ કે આવનારા શીશુની હત્યા માટે. દીકરી આવે કે દીકરો શું ફરક પડે છે ? આપણું વંશજ તો છે ને ! આપણે માટે તો આનંદનો દિવસ જ કહેવાય.'

'હું ક્યાં તેની ના પાડું છું ? પણ આપણે જાણી લઇએ તો સારું. જો દીકરો જ આવવાનો હોય તો હું બમણા ઉત્સાહથી તેના સ્વાગતની તૈયારી કરું ને.' રેવતીબેને વાત ફેરવીને દિકરાને પટાવવાનો પેંતરો કર્યો, 'બેટા, મારી આટલી વાત માની લે ને.'

ચંપક અને અનિતાને પણ થયું કે બાને રાજી રાખવામાં કાંઇ વાંધો નથી. સોનોગ્રાફી કરાવવાનું કાયદાની વિરુદ્ધ તો હતું જ. પણ પૈસાથી આવા કામ પણ કરાવી શકાય છે. ત્રણગણા પૈસા લઇને એક ડોક્ટરે સોનોગ્રાફી કરી આપી. રિપોર્ટ સાંભળીને રેવતીબેન મુર્છિત થઇ ગયા. અનિતાના ગર્ભમાં દીકરી હતી.

હવે તેમણે હઠ લીધી કે અનિતાએ આ બાળકને પડાવી નાંખવું. અનિતાના હોશકોશ ઊડી ગયા. અત્યાર સુધી સુખના હિલોળા લેતા એના સંસારમાં અચાનક આંધી આવી હતી. દરિયો તોફાને ચડ્યો હતો. જીવનનૈયા આમતેમ ફંગોળાતી હતી. જે સાસુસસરાને તે દેવસમાન ગણીને પૂજતી હતી, તેમની સારસંભાળ લેતી હતી તે હવે તેને રાક્ષસ જેવા વિકરાળ લાગવા માંડ્યા. ચંપકે બાને સમજાવવાના ઘણા પ્રયત્નો કર્યા. એણે એના પિતાને કહ્યું, 'પપ્પા, તમે તો બાને સમજાવો. તમે પોતે તો ગાંધી વિચારસરણીના છો. ખુદ ગાંધીજીએ એમના જમાનામાં પણ કહ્યું હતું તે યાદ કરો. તેમણે તો કહ્યું હતું, 'દિકરો કે દિકરીના જન્મને લઇને કોઇ ભેદભાવ ન રાખવો જોઇએ. એ બેમાંથી જે પણ આવે તેના જન્મથી હર્ષ એક સરખો જ થવો જોઇએ. બંને સરખા પ્રિય હોવા જોઇએ.' તો પછી આપણા જ ઘરમાં આવું શા માટે ?'

'બેટા, હું બધું સમજું છું.' ધનસુખલાલ ગળગળા થતાં બોલ્યા, 'પણ આજે તારી બાએ એવી જીદ કરી છે કે એની હઠિલાઇ પાસે મારું કાંઇ ચાલતું નથી.' રેવતીબેન અન્નજળ ત્યાગીને છેલ્લે પાટલે બેસી ગયા હતા. એ કોઇની વાત માનવા તૈયાર ન હતા.

અંતે હારીને, થાકીને, કકળતા દિલે અનિતા સંમત થઇ. આ કામ પણ ગેરકાયદે જ હતું. એક ખાનગી હોસ્પિટલમાં અનિતાને લઇ ગયા. બધા આતુરતાથી લેડી ડોક્ટરની રૂમમાં બેઠા. થોડીવારે લેડી ડોક્ટરે આવીને કહ્યું કે કામ પતી ગયું છે. પછી તે બોલી, 'આવા કામમાં હું કોઇને કારણ પૂછતી નથી. તો પણ ઇંતેજારી ખાતર જાણી શકું કે બાળક પડાવવાનુ પ્રયોજન શું હતું ?'

રેવતીબેન મલકાતા બોલ્યા, 'અમારે વારસદાર જોઈએ છે. પહેલે ખોળે દીકરી આવે તો અપશુકન થાય.'

'તમને કેવી રીતે ખબર પડી કે અનિતાના ગર્ભમાં દીકરી હતી ?' લેડી ડોક્ટરનો ચહેરો તંગ થઈ ગયો.

'અમે સોનોગ્રાફી કરાવેલી.' જાણે બહુ મોટું પરાક્રમ કર્યું હોય એવા ઉત્સાહથી રેવતીબેન બોલ્યા.

સાંભળીને લેડી ડોક્ટરના ચહેરા પરથી વિશાદનું એક કાળું વાદળું પસાર થઈ ગયું. તે મહામુશ્કેલીએ હળવેથી બોલી, 'અફસોસ. સોનોગ્રાફી કરવાવાળાએ બહુ જ મોટી ભૂલ કરી.'

'એટલે ?' રેવતીબેનની આંખો અધ્ધર ચડી ગઈ. શ્વાસ રૂંધાવા લાગ્યો.

'મતલબ કે. . ' એક પછી એક ત્રણેયના ચહેરા પર નજર ફેરવીને લેડી ડોક્ટર ધીમા અવાજે બોલી, 'અનિતાના ગર્ભમાંથી જે બાળક મેં કાઢી નાખ્યું તે તો દિકરો હતો !'

'નહીંઈઈઈ. . .' એક મોટી ચીસ પાડી રેવતીબેન બેભાન થઈ ઢળી પડ્યા. હૃદયના આઘાતથી એમનું પ્રાણપંખેરું તે જ સમયે ઊડી ગયું.

બબ્બે આઘાતોના મારથી ધનસુખલાલ સાવ નબળા પડી ગયા. એમને જીવનમાં કોઈ રસ ન રહ્યો સિવાય કે દરરોજ ઈશ્વરને પ્રાર્થના કરતા કે અનિતાનો ખોળો જલદી ભરાય અને આ વખતે હવે દિકરો હોય કે દીકરી, કોઈની દખલગીરી નહિ રહે.

ચંપકલાલ રાબેતા મુજબ દરરોજ સવારે ઓફિસે જતો અને સાંજે આવી જમીને સૂઈ જતો. એણે એના પપ્પા સાથે બોલવાનું બંધ કરી દીધું હતું.

અનિતા એક હરતીફરતી પુતળી જેવી બની ગઈ હતી. યંત્રવત ઘરના કામ કરતી, સવારસાંજ રસોઈ કરી બધાને જમાડતી. તેની આંખો શૂન્યમાં કાંઈક શોધી રહી હતી.

દિવસોને જતાં કંઈ વાર ન લાગે. ત્રણ વર્ષ વિતિ ગયા પણ અનિતાનો ખોળો ન ભરાયો. ચંપક અને અનિતાએ મસલત કરીને ડોક્ટર પાસે ચેક કરાવવાનું નક્કી કર્યું. રિપોર્ટ વાંચીને અનિતા ભાંગી પડી. તેની જિંદગીનો રહ્યોસહ્યો રસ પણ લૂંટાઈ ગયો. તેના ગર્ભાસયને ઈજા થયેલી. તે કદિ મા બની શકશે નહીં. સમાચાર સાંભળી ધનસુખલાલ ફક્ત 'હે ભગવાન. . ' એટલું જ બોલીને સૂઈ ગયા. તે કદિ જાગ્યા નહિ.

ચંપકલાલ તંદ્રામાંથી જાગ્યા. 'બા ને પપ્પા તો તેમના પાપનો હિસાબ આપવા ઈશ્વરના દરબારમાં પહોંચી ગયા. અનિચ્છાએ પણ સંમતિ આપીને આપણે એ પાપના ભાગીદાર બન્યા. આપણને ય સજા તો મળી પણ ઉપરથી આખી જિંદગી આપણા બળાપામાં જ બળતા રહેવાનું.'

તે ઊઠીને બાહર ચાલ્યા ગયા. અનિતાએ ભીની આંખો લૂછી, પુસ્તકનું પાનું ફેરવી આગળ વાંચવાનું ચાલુ રાખ્યું.

## અપરાધી

જયંતિ એમ. દલાલ, મુંબઈ

ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. જમનાદાસે ફોન ઉપાડ્યો, 'હલ્લો. . .'

'હું વિજય, અમેરિકાથી આજે જ આવ્યો. તમે બધા કેમ છો ?'

'બધા આનંદમાં છીએ. મને મળવા ક્યારે આવે છે ?'

'કાકા, આ વેળાએ મને નહીં ફાવે. ઓફિસના કામ માટે ચાર દિવસ માટે જ આવ્યો છું. ઘાટકોપરથી ઠેઠ વાલકેશ્વર સુધી સમયના અભાવે આવવું નહીં ફાવે, માફ કરજો.' ઘડીક અટકીને વિજય આગળ બોલ્યો, 'તમારા જિગરી મિત્ર બિહારીલાલ કેમ છે ? એમને આપવાનું દેવુએ આપેલું સંપેતરું મારી પાસે છે.'

'ગઈ કાલે જ દેવુના પપ્પા બિહારીલાલ રસ્તામાં મળી ગયા હતા. જ્યારથી દેવુના અધઃપતનની વાત સાંભળી છે ત્યારથી બિચારા તબિયતથી લાચાર થઈ ગયા છે.'

'મેં તો દેવુ સાથેનો સંબંધ સાવ કાપી નાંખ્યો છે. તમે જાણો છો, એનો બંગલો 'લોન્ગ આઈલેન્ડ'માં મારા બંગલાથી માંડ દશ ફર્લાંગ દૂર હશે. આટલાં વર્ષો ન્યૂયોર્કમાં સાથે રહીને વિતાવેલાં એટલે ખપ પૂરતો સંબંધ રાખું છું.'

'સારું કર્યું. એવા માણસના પડછાયાથી પણ દૂર રહેવું જોઈએ.'

'મેં ઘણીવાર એને સમજાવ્યો કે ગાંજા-ચરસની લાઈન છોડી દે. પણ એ મારી વાત માન્યો નહિ. એને રાતોરાત કરોડપતિ થવું હતું. ખોટી ગેન્ગમાં એ દાખલ થઈ ગયો અને એનું કુટુંબ રઝળી ગયું. બિચારી શોભા તો આજે કોઈની સામે આંખ ઊંચી કરી શકતી નથી.'

'શોભા ને સુલભા તો સાથે ભણેલા, નહિ ?'

'હા કાકા. એટલે જ તો આટલા વરસો સુધી અમે દેવુના ઘર સાથે સંબંધ ટકાવી રાખ્યો.'

'અદિતી ને સુલભા કેમ છે ?'

'બંને મજામાં છે. તમને બહુ જ યાદ કરે છે. તમારા કહેવાથી મેં સુલભા સાથે લગ્ન કર્યું, ને તમારા આશીર્વાદથી અમે બંને બધી રીતે સુખી છીએ.'

'આશીર્વાદ તો ભગવાનના હોય. છેલ્લે દેવુ તને ક્યારે મળ્યો હતો ?'

'જે સાંજે હું ભારત આવવા એરપોર્ટ જવા નીકળતો હતો ત્યારે જ એ મારા ઘર પાસેથી પસાર થતો હતો. એણે ગાડી ઊભી રાખી. મારું દુર્ભાગ્ય તો જુઓ, એ દિવસે મારી ગાડીની બ્રેક ફેઈલ થયેલી. એણે મને લીફ્ટ આપી ને ઠેઠ એરપોર્ટ સમયસર પહોંચાડ્યો.'

'પણ એ તો જેલમાં હતો ને ?'

'મહિના પહેલાં જ એ જેલમાંથી છૂટ્યો હતો. ઉતાવળમાં એણે બિહારીકાકા માટે એક સંપેતરું આપ્યું છે જે મેં મારી સૂટકેસમાં મૂક્યું છે. પેરીસમાં મારે પ્લેન બદલવાનું હતું. બધો સામાન આવી ગયો પણ એ સૂટકેસ ત્યાં પેરીસના એરપોર્ટ પર જ રહી ગઈ.'

'વિજય, તું માને કે ન માને, ગઈકાલે જ બિહારીએ મને કહ્યું હતું કે દેવુએ ફરીથી મોટો દેકારો મચાવ્યો છે, અને ફરી એકવાર એ જેલના સળીયા પાછળ છે.'

'શું વાત કરો છો ?'

'હા, દીકરા, એટલે જ કહું છું. તું સાવધ રહેજે. આ વેળાએ એની ગાડીમાંથી એક કરોડ ડોલરનું હેરોઈન પકડાયું હતું એવા સમાચાર છે. આ વાત તારા પૂરતી રાખજે.'

'ભલે' બોલીને વિજયે ફોન નીચે મૂક્યો. પણ બારણામાં બે પોલીસને અંદર આવતી જોઈ એ આભો બની ગયો.

'વિજયકુમાર તમારું નામ છે ?'

'જી, હા.'

પેરીસમાં રહી ગયેલી તમારી સૂટકેસ આજે અમને અહીં ભારતમાં મળી છે. અમને શંકા હતી એ સાચી પડી છે. સૂટકેસમાંથી અર્ધો કિલો હિરોઈનનું એક પાર્સલ મળ્યું છે. હું તમને આ ગુન્હા માટે ગિરફતાર કરું છું.'

પોલીસની વાત સાંભળતાં જ વિજય સુધબુધ ખોઈ બેઠો. માથું ચક્કર ચક્કર ફરવા લાગ્યું ને એ બેહોશ થઈને જમીન પર ઢળી પડયો.

## મળ્યાનો આનંદ

ઉપેન્દ્ર ગોર, યુકે

માતૃભાષાનો એપ્રિલનો અંક વાંચ્યો. છેલ્લા પાના પર 'નેમસેક' લેખ તેમજ વર્ષા અડાલજાની 'નેમસેક'ની મિમાંસા સ્પર્શી ગઈ. આપણી વિદેશે વસતી જનવાસહતની મનોવ્યથા, મથામણો, ગુંચવણો તેમજ બહુભાષી સંસ્કૃતિ વચ્ચે જીવનને ગોઠવવાની માનસિકતા તેમજ ખેંચતાણ સમજાવવાનો પ્રયાસ યથાયોગ દિશાસૂઝ સાથે સાચો અંગૂલિનિર્દેશ કર્યો છે. વતનનો છેડો છૂટે નહિ અને વિદેશે વસવાનુંય વછૂટતું ન હોય ત્યારે જિંદગીની રહેસાણ તો ગમે કે ન ગમે વેઠવી જ પડે. કંઈક ખોયા વગર ક્યાં કશું પ્રાપ્ત થાય છે ?

તમે અને અમે આ બધી પરિસ્થિતિઓમાંથી પસાર થતાં થતાં જીવનનાં ત્રણ ત્રણ આશ્રમોને વ્યતીત કરતાં આવ્યા છીએ. જૂની પેઢી અને નવી પેઢીની વચ્ચે આપણી પેઢીને અમે તો 'સેન્ડવિચ' પેઢી ગણીએ છીએ. વૃદ્ધો ને મોટેરાંઓ સામે બોલાય નહિ તો નવી પેઢીને કંઈ આદેશ કે ઉપદેશ દેવાય નહીં.. હૈયાપીડિત પીડાને આત્મશાત કરવાની આગવી મૂડી પ્રાપ્ત કરી લેવાથી, બે એકદમ વિરુદ્ધ વિચારસરણીઓ વચ્ચે ત્રિશંકુ તો નહીં જ થવાય. ભલે વતનથી વિસ્થાપિત થવા છતાં વધતી વય સાથે વ્યતીત થતા જીવન સામે ઉન્નત વિચારોથી જીવનવિમુખતા તો નહીં જ આવે. વાનપ્રસ્થાશ્રમે આવા અભિગમથી, વિમળ મને યોગ્ય પંથે પરિમલ પ્રસારતા રહેવાની વૃત્તિથી સંતોષપ્રદ જીવન તો પ્રાપ્ત થશે જ, થાય છે.

બાયપાસ સર્જરી પછી સારા વિચારોથી તમે વર્લ્ડટૂરનું આયોજન કર્યું તે સાથે કર્મ પ્રત્યેની પ્રતિબદ્ધતાને લીધે પોતાના 'માતૃભાષા' સામયિકને પણ નિયમિત રૂપે પ્રકાશિત કરવાની ધગશથી સાથે જ લઈને નીકળ્યા. વનપ્રસ્થાશ્રમે આથી સવિશેષ પરિમલ ક્યાંથી પ્રસારશો ?

લંડનમાં મળ્યાનો આનંદ થયો. વતનમાં ગરમી અને ગંદકી વચ્ચે 'મા ના રૂપ રંગ ન જોવાય, એના ગુણ અને પ્રેમથી સુવાસિત થતું જીવન નિર્ગમન કરવાથી હૈયે ટાઢક વળે છે' એ આપના શબ્દો કેટલા ઉન્નત અને સાચા છે.

ગુજરાતી સાહિત્યના પ્રચાર માટે એક અનોખો પ્રયોગ અહીં કરવામાં આવે છે. આ વિભાગમાં વાચકોએ ગુજરાતીમાં રજુ કરેલા લેખો, વાર્તાઓ વગેરે તેના અંગ્રેજી ભાષાંતર સાથે રજૂ કરવામાં આવશે. યોગ્ય સર્જનકૃતિઓ મોકલવા ગુજરાતી ભાષા પ્રેમીઓને આમંત્રણ છે.

જેઓ ગુજરાતી નથી વાંચી શકતા તેમને પણ આથી ગુજરાતી સાહિત્યનો લહાવો મળે. આશા છે કે તેમને એ સંદેશો મળે કે જો તેઓ પોતે જ ગુજરાતી વાંચી શકે તો ગુજરાતીના વિપુલ અને રસપ્રદ સમૃદ્ધ સાહિત્યનો સીધો લાભ લઈ શકે.
-માનદ્ તંત્રી, પ્રવીણ વાઘાણી

## પૃથ્વી પ્રદક્ષિણા

**૧૪ જૂન ૨૦૦૬ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૬**

(પ્રવીણ અને મંજુલા વાઘાણી)

**પ્રવાસકથા - ૪**

બેત્રણ દિવસ કે એકાદ અઠવાડિયા માટે ઘર બંધ કરીને જવાનું હોય તો પણ આપણી ગેરહાજરીમાં ઘરની સલામતી માટે આપણે ઘણા બધા વિચાર અને વ્યવસ્થા કરવાના હોય છે. ખાસ કરીને ટપાલપેટીમાં ભરવામાં આવતા વણનોતર્યા જાહેરાતિયા કગળિયાઓના 'જંક મેઈલ'નો નિકાલ કરવો બહુ જ જરૂરી છે નહિતર 'બુરી નજર'થી ફરનારાને તરત જ સંદેશો મળી જાય કે આ ઘર રેઢું છે. 'નો જંક મેઈલ પ્લીઝ'નું બોર્ડ લગાડવાથી થોડી રાહત મળી જાય છે અને શોપીંગ સેન્ટર કે સુપરમાર્કેટના જાહેરાતના કાગળિયામાંથી રાહત મળે છે. પણ આજકાલ જાહેરાત કંપનીઓ અનુભવે હોશિયાર થતી જાય છે અને અવનવા નુસ્ખા અપનાવીને 'યેન કેન પ્રકારેણ' તમારી મેઈલબોક્ષમાં જાહેરાતના કાગળિયા પહોંચાડી દે છે. તેઓ એક કવરમાંઢ કાગળ મૂકીને તમારી ટપાલપેટીમાં મૂકી જાય. 'ઓફિસિયલ મેઈલ ઓનલી' એવું લગાવો તો કવર પર 'ઘરધણી માટે' એવું લખીને ટપાલખાતા મારફત કવર તમને પહોંચાડે, કારણકે જથ્થાબંધ ટપાલ માટે ટપાલખાતું બહુ નજીવો ચાર્જ લે છે. 'એડ્રેસ્ડ મેઈલ ઓનલી' એવી નેટીસ ચોડો તો તેઓ તમારું નામ સરનામું મેળવીને તમારા નામની જ ટપાલ મોકલે છે. ટેલિકોમ ઓસ્ટ્રેલિયા ફોનબુકની સીડી વેચે છે. કમ્પ્યુટરમાં પ્રોગ્રામ કરી કોઈ પરા કે વિસ્તારના સરનામા છાપી શકાય. તમે કોઈ વખત કોઈ ચેરિટી સંસ્થાની બે ડોલરની લોટરીની ટિકિટ લીધી હોય કે વારતહેવારે શોપીંગ સેન્ટરમાં પ્રોમોશન માટે મફત લોટરી રાખવામાં આવતી હોય તેમાં કાપલી ભરી હોય અથવા કોઈ પ્રદર્શન જોવા ગયા હો અને ત્યાં તમારું નામસરનામું આપ્યા હોય તો તમારું આવી બન્યું સમજો. આ લોકો પોતે તો તમારા સરનામે જાહેરાતના કાગળો મોકલશે પણ ઉપરાંત બીજી જાહેરાત કંપનીઓને પણ તે આખું લીસ્ટ વેંચી મારશે અને તેના ચક્કરમાંથી નીકળતાં તમારે નાકે દમ આવી જશે. હું ઘણી વખત આવી ટપાલો પર એલ્વિસ પ્રેસલીનું પેલું પ્રખ્યાત ગીતની લીટી 'રિટર્ન ટુ સેન્ડર, નો સચ પર્સન, નો સચ નંબર' (અહીં નથી રહેતા, મોકલનારને પરત) લખીને મોકલું છું. પણ જો તમને પોસ્ટઓફિસમાં કે જાહેરાત કંપનીમાં કોઈ ઓળખતું હોય તો સાવધાન. આવી એક ટપાલ પરત કર્યા બાદ મારા પર એકવાર ફોન આવેલો, 'પ્રવીણભાઈ, તમે ઘર બદલ્યું છે ?' મેં તેમને ટપાલ પરત કરવાનું કારણ કહ્યું તો એમણે મને સમજાવ્યું, 'તેથી કાંઈ ફેર નહિ પડે. અમે દરેક લીસ્ટ અમુક વર્ષ વાપરીને ફેંકી દઈએ છીએ અને નવું તૈયાર કરીએ છીએ. ટપાલ

An innovative experiment is being done here to promote the Gujarati literature in English. Contributions from the readers will be printed in English translated from Gujarati. Readers, lovers of Gujarati, are invited to send creations with its English translation.

Those who cannot read Gujarati will thus be able to enjoy the Gujarati literature. It is hoped to send a message that if they will learn to read Gujarati then they can enjoy directly the interesting and unlimited, rich Gujarati literature.

–Hon. Editor, Pravin Vaghani

## WORLD TOUR

**14 June 2006 to 30 September 2006**

**USA, Uk, Germany, India, Singapore**

**Pravin & Manjula Vaghani**

**(Part 4)**

When we have to go away from home and it has to remain closed and unoccupied for a few days or a week, even then we have to make many arrangements and have to secure the house such that it does not fall victim to burglery or any natural disaster. The uninvited advertisement junk mail that gets stuffed in the mail box is a big problem. This junk must be removed on a daily basis otherwise it is a sure indication to a burglar who usually prowls around during day time as a 'door to door salesman' to find suitable targets. Some relief is gained from the advertsement leaflets of supermarkets and shopping centre by placing the sign 'No Junk Mail Please' and sealing off the newspaper box altogether. But the advertisement agencies are getting smarter by the day and finding new and innovative ways to attack your mail box. They put the advertisement material in an envelope and then put it in your mail box. If you put on your mail box a sign saying 'Official Post Only' then they will send it through the post office. At a very nominal charge, may be one tenth of the regular postage, the envelope addressed 'To the Householder' is delivered to you by the postman. If you put the sign saying 'Addressed Post Only' then they will print your name and address on the envelope and put in your mail box. Now, how do they get your name and address ? From the phone book, of course. From Telecom Australia one can buy a CD of phonebook, load into computer and with correct software it will printout addresses of required postcode - area. How do you get the 'Special interest' mail ? Your social club may have sold the list to an advertisement company. Or if you have filled in a lottery ticket, or a free ticket in the shopping centre. I thought that a good way of stopping them would be to return the post with Elvis Presley's popular song line 'Return to sender, No such person, No such number.' But if someone in the postal department or ad. Agency knows you then it may not work. After returning an envelope in that manner, I got a phone call from a friend, 'Pravinbhai, have you changed the

પરત આવે તે તરફ ધ્યાન અપાતું નથી. કારણકે એવા સરનામા લીસ્ટમાંથી કાઢવામાં જે ખર્ચ થાય તેના કરતાં ટપાલ મોકલવાનું ચાલુ રાખવું સસ્તું પડે છે.' એટલે આ 'જંક મેલ'નો કચરો કાઢવાની તમારે વ્યવસ્થા કરવી જ રહી. જંક મેલ સાફ ન કરવામાં જોખમ એ છે કે રાત્રે ચોરીનો 'ધંધો' કરનારા દિવસે 'સેલ્સમેન' બનીને ઘેરઘેર ફરે છે અને જંકમેલનો ઢગલો જોઈ જાણી જાય કે ઘરધણી લાંબા સમય માટે બહારગામ છે એટલે પછી તમારા ઘર પર ખાતર પાડવાનો કાર્યક્રમ ઘડી કાઢે.

આવા કામમાં 'પહેલા સગાં પાડોશી' એ કહેવત યાદ રાખવા જેવી છે. ભાઈ કે બહેન ગામમાં રહેતા હોય પણ દૂર રહેતા હોય તો તેમને પોતાના કામમાંથી સમય ફાળવી તમારા ઘર સુધી ખાસ ધક્કો ખાવો પડે જે દરરોજ કે દર અઠવાડિયે ન પણ બની શકે. જ્યારે તમારા પાડોશી આ કામ સહેલાઈથી કરી શકે.

ચારછ મહિના માટે ઘર બંધ કરીને જવાનું હોય તો ઘરની સલામતી, દેખભાળ, સાચવણ, અને ઘરને લગતી બીજી નાનીમોટી બાબતોની શી વ્યવસથા કરવી એ તો અનુભવે જ સમજાય. અમે વિચાર કરી કરીને એક યાદી તૈયાર કરી. જે જે કંપનીઓના બીલ 'ડારેક્ટ ડેબીટ'થી ભરી શકાય તેમ હોય તેમને બેંકના ખાતામાંથી કે ક્રેડીટકાર્ડમાંથી બીલના પૈસા લેવાની ઓથોરિટી આપી દેવાની. બીલ ભરવાની તારીખના સમયે ખાતામાં પૂરતા પૈસા રહે તેની ચોક્સાઈ રાખવી પડે. નહિતર 'ઊલમાંથી ચૂલમાં' પડયા જેવું થાય-બીલ ન ભરાય અને બેંક 'ચેક ડિફોલ્ટ'નો ચાર્જ ચડાવે. જો ખાતામાં પૈસા પૂરા રહેશે તેની ખાતરી ન હોય તો ક્રેડીટ કાર્ડની ઓથોરિટી આપવી સારી કારણ તેમાં એવી કોઈ તકલીફ ન રહે. ઘણા લોકો ખાતા નંબર કે ક્રેડીટકાર્ડની ઓથોરિટી આપતાં પણ અચકાય છે. તેમને માટે સહેલો રસ્તો એ છે કે જેટલો સમય બહારગામ રહેવાના હો તે દરમિયાન કેટલા બીલ આવશે તેની રકમની ગણતરી કરી તેટલા પૈસા અગાઉથી ભરી દેવા. પહેલાં ઈલેક્ટ્રિસિટી, ગેસ, પાણી, ફોન, વગેરે જ્યારે સરકાર હસ્તક હતા ત્યારે આવી તકલીફ નહોતી. બીલ ભરવામાં વહેલુંમોડુ થાય તો વાંધો ન આવે. એકવાર હું ગેસનું બીલ ભરતાં ચૂકી ગયેલો. બીજું બીલ આવવાનો સમય થયો ત્યારે ગેસ ખાતાનો માણસ આવ્યો અને પૂછી ગયો કે 'તમારે બીલ ભરવામાં કાંઈ મુસિબત તો નથી ને ? જો આર્થિક તકલીફ હોય તો હપ્તેથી બીલ ભરવાની વ્યવસ્થા કરી આપીએ.' પણ હવે આ બધાના ખાનગીકરણ થયા પછી તો બીલ ભરવાનું મોડુ થાય તો તમારા બીલમાં 'લેઈટ પેમેન્ટ ફી' ચડાવવામાં આવે અને સાથે નોટીસ આવે કે 'પૈસા ભરો નહીતર કોર્ટમાં કેસ કરવામાં આવશે.' અને એનો જવાબ ન અપાય તો કનેક્શન કપાઈ પણ જાય. ખાનગીકરણ (પ્રાઈવેટાઈઝેશન)નો બીજો પર્યાય છે નફાકરણ (પ્રોફીટાઈઝેશન) કારણ કે હવે કંપનીએ શેર હોલ્ડરોને ડિવિડન્ડ આપવાનું હોય છે અને તે માટે ગ્રાહકો પર ડન્ડા ચલાવવામાં આવે છે.

ચાલો, બધા બીલ ભરવાની વ્યવસ્થા થઈ ગઈ, 'જંક મેલ' અને ટપાલ પાડોશી સંભાળી લેશે, લોન નિયમિત કપાવવાની અને ફૂલઝાડોને જરૂર પ્રમાણે પાણી પાવાની વ્યવસ્થા થઈ ગઈ, બધા બારી બારણા બરાબર બંધ છે તેની ખાતરી કરી લીધી, કારની બેટરી ડિસકનેક્ટ કરી અને કાર ઉપર કવર લગાવી દીધું, પાણી બંધ કર્યું, ગેસ બંધ કર્યો, ઈલેક્ટ્રિસિટીની મેઈન સ્વીચ ઓફ કરી, ઈન્ડોર પ્લાન્ટના કૂંડાઓમાં પાણીની બોટલો ભરાવી દીધી. હવે કાંઈ બાકી રહે છે ?

house ?' When I told him the reason of doing it, he explained 'It won't work. We run every list for a fixed period then throw it out. Returned envelopes are never looked at. It costs more money to employ somebody to remove addresses from the list than to continue the posting'.

Some times you may wonder what benefit the advertisers are getting out of this when people like you and me are just throwing those leaflets into dustbins without even bothering to read it. If you knew the average success rate you will be surprised. A 1% response covers the cost of advertiement, 2% response means good profit and anything over that is marvelous. Companies like American Express and the banks who send leaflets in envelopes with the statements may expect over 3%. This is booming buiness.

So somebody has to clean up this junk regularly. A relative living in the next street or not too far may be requested to do the job. But even then he has to make effort to specially come to your house and that may not be convenient every time. 'Neigbour is your first relative' in this case.

Going away for a few months needs more than just cleaning the junk mail. Arrangement has to be made to pay the bills for all the services like water, electricity, phone, gas, council, etc. These bills cannot be stopped and they keep coming even in your absence. We prepared an exaustive list of everything that needed to be attended. Where possible, direct debit authority can be given to debit an account or a credit card. In case of an account authority, it is important to keep sufficient fund in the account to pay the bills. Otherwise the bill will not be paid, by default the connection may be cut and the bank will charge dishonor fee on top of that. An authority on credit card will not have that problem. Some people hesitate or do not like to give account or credit card number to anybody. For them the only alternative is to calculate the expected amounts of various bills and pay them in advance. It was alright when these services were in government hands. In those days if there was delay in payment, the connection would not be cut or nobody will herass. Once I had forgotten to pay a gas bill. The next bill was brought personally by a man from the gas department and he courteously asked me if I was in any financial difficulty in which case they can make special arrangemnt to pay in small instalments ! But these days, in the hands of the private company, if you delay by a week, a penalty fee will be added on your bill and you will get a 'Final Notice' saying 'pay up or else..' and a further delay of another week you will find the service disconnected. Other word for 'Privatisation' is 'Profitisation', they have to pay dividend to the share holders.

Okey, so we completed the arrangements for paying the bills. The junk mail and post will be cleared by our good neighbour.Hire a gardener to mow the loan and clean up the garden on regular basis.

ટિકિટ અને પાસપોર્ટ ક્યાં રાખ્યા છે ? ઘરનું બારણું બંધ કરતાં પહેલાં આ બંને જોઈ લેવા અને શક્યતઃ ખીસામાં કે હાથમાં રાખવાના પર્સમાં જ મૂકવા. કહીશ તો તમને માન્યામાં નહિ આવે પણ કોઈવાર લોકો એરપોર્ટ પહોંચીને ચેક-ઈન લાઈનમાં ઊભા ઊભા ગપ્પા મારવા લાગે છે અને તેમનો વારો આવે ત્યારે ટિકિટ અને પાસપોર્ટ શોધે છે પણ મળતા નથી. હેન્ડબેગમાં નથી એટલે સૂટકેસ ખોલે છે, તેમાં પણ
નથી. પછી માથું ખંજવાળતા યાદ કરે છે કે તેમને યાદ આવે છે ત્યાં સુધી છેલ્લે સ્ટડિરૂમમાં ટેબલના ખાનામાં મૂકેલા ! હવે? ઘેર ધક્કો કોણ ખાશે ? કેટલી વાર લાગશે ? પ્લેનના ઊપડવાના સમય પહેલાં આવી જશે ? કોઈ વળાવવા આવ્યું હોય અને તેમને તમારા સ્ટડિરૂમના ટેબલની માહિતી હોય અથવા ઘરનું કોઈ સદશ્ય સાથે હોય તો તે આ કામ કરી શકે. પણ જો એકલા હો, અથવા પતિ-પત્ની બંને સાથે જતા હોય, બીજું કોઈ મદદ કરી શકે તેમ ન હોય, કાર ન હોય અને ટેક્સિમાં આવ્યા હોય, તો ? એકવાર એક ભાઈએ તેમના હેન્ડ લગેજમાં ટિકિટ અને પાસપોર્ટ મૂકેલાં અને તેને તાળું મારેલું.
તાળાની ચાવી ગોતે તો ન મળે ! પછી વિચાર આવ્યો કે ચાવી પણ કદાચ બેગમાં જ છે. પ્રેસ કરીને બંધ કરાય એવું તાળું હતું એટલે ચાવી વગર બંધ થઈ ગયું. એરલાઈનવાળાએ
બોલ્ટકટર મગાવીને તાળું તોડાવવું પડ્યું.

ચાર સૂટ કેસ અને બે હેન્ડબેગ ઘરની બાહર ખડકીને અમે વિધિસર ઘરનું બારણું બંધ કર્યું. અનૂપ અને અનૂષા અમને એરપોર્ટ પર મૂકવા આવવાના હતા. ચાર સૂટકેસ અને બે હાથમાં રાખવાની નાની બેગો, આ બધાનો ઢગલો જોઈ અમને વિચાર આવ્યો કે આપણે બધા એક કારમાં કેવી રીતે સમાશું ? પણ અનૂપ આ વાતમાં હોંશિયાર હતો. તેણે બધો સામાન કારમાં ગોઠવી દીધો અને બધા માટે બેસવાની જગ્યા પણ રહી. એરપોર્ટ પર પહોંચ્યાં તો ત્યાં ચેકઈન માટે લાંબી લાઈન હતી. મેલબર્નથી સિડની જઈ પ્લેન બદલવાનું હતું અને ત્યાંથી લોસ એન્જલસની ચૌદ કલાકની નોનસ્ટોપ ફ્લાઈટ હતી. યુનાઈટેડ એરલાઈનનું આ પ્લેન ફુલ હતું. એરલાઈનની બે કર્મચારી બહેનો લાઈનમાં ઊભેલાને
પૂછવા લાગ્યા, ‘તમારે બિઝનેસ કલાસમાં અપગ્રેડ થાવું હોય તો ફક્ત સાતસો ડોલરમાં કરી આપીશું. સામાન્ય રીતે એના ત્રણ હજાર ડોલર થાય.’ અમારી બે ટિકિટના ચૌદસો ડોલર થાય. અમને આવીને પૂછ્યું તો અમે તો અમારી ગુજરાતી સ્ટાઈલમાં ટિકિટ બતાવીને પ્રસ્તાવ મૂક્યો, ‘સાતસો ડોલરમાં આખી ટિકિટ અપગ્રેડ કરી આપો તો તૈયાર છીએ.’ અમારી વર્લ્ડટૂરની ટિકિટ જોઈને સ્મિત વેરીને એ આગળ ચાલી ગઈ.

ક્યૂમાં ઊભા ઊભા આપણો વારો આવે તે સમય દરમિયાન શું કરવું ? શરીરનું વજન એક પગથી બીજા પગ પર ફેરવે રાખવાનું, થોડી થોડી વારે આડું આવળું જોયા કરવું અને ત્રણસો સાઠ ડીગ્રીના વર્તુળમાં નજર ફેરવી આજુબાજુના વિસ્તારનું અવલોકન કરવું. અથવા સાથે કોઈ હોય તો અંદરોઅંદર વાતો કર્યા કરવી. આમાં ઘણીવાર એકનીએક વાતો દોહરાયા કરાતી હોય છે. મને સામાન્યતઃ આવી વાતોથી કંટાળો આવે છે. પણ ટાઈમ પાસ કરવા માટે એ ખોટું નથી.



તમારે આવવું છે કે નહિ, એ નક્કી કરોને ! ક્રુઝમાં બીજું કોણ કોણ આવવાનું છે તેની સાથે તમારે શું મતલબ ?



‘મતલબ’ કેમ નહી ? અમે વેકેશન એન્જોયમેન્ટ માટે લઈએ છીએ, ‘હેડેક’ માટે નહી.

closed and secured all the windows and the back door and the side doors. Disconnect4d the battery in the car and covered the car

. Now where are the tickets and the passports ? Before closing the front door it is good to find these and put them in your pocket or in the purse in hand.

If I told you, you wan't believe it. Sometimes people have arrived at the airport, stood in the long check-in queue and passed the time chitchating and gossiping. When their turn comes they start looking for the ticket and the passport. They are not in the pocket or hand purse so must be in the small hand luggage (which some times is more like half a suitcase), but they are not there, so they open the suitcase but don't find there either. Scratching the head they suddenly remember that they must have put them in the top drawer of the desk in the study ! Now who will get them ? If they have friend or a relative who has come to see them off and if he knows the house and knows how to locate the desk, he may be able to help. Then questions arise, have we got enough time ? What time the plane leaves ? Is it on time ? (They sure wish this time that it is late). But if he is alone or the husband and wife came in taxi and there is nobody who can help, then ? Once a prson had put the ticket and the passport in the hand luggage and it was locked. When he started searching for the keys, he realised that the bunch of keys was left in the bag. The press lock did not need a key to lock ! The airline staff had to bring a boltcutter to open his bag.

Four suitcases and 2 handbags we piled up outside the house in front porch. Checked everything and then closed and properly locked the front door. Anoop and Unusha were taking us to the airport in their small car. Looking at the pile of luggage we wondered how all this will fit in the car. However Anoop had good expertise and with slow maneuvre he fitted everything in the car and there was enough space to sit comfortably.

These days because of the time consumed in extra security and immigration procedures plus long queues at the check-in counters, the travel agent advises everybody to reach the aqirport three hours before the departure time.

When we arrived at the airport there was a long queue for check-in at the United Airline counter. Perhaps this flight was full. We had to go from Melbourne to Sydney, then change the plne there; after that Sydney to Los Angelus was a 14 hours non-stop flight. Going towards east we were crossing the date line, so we were going to

કોઈ સાથે હોય તો વાતો થઈ શકે. પણ એકલા હો તો શું કરો ? એકાદ ચોપડી કે મેગેઝિન સાથે રાખેલ હોય તો તે વાંચતાં સમય પસાર થઈ શકે. એક બેને ગુંથણ એક કેઈનબાસ્કેટમાં સાથે રાખેલું. એમનો વારો આવ્યો ત્યાં સુધીમાં અર્ધી બાંય ગુંથી કાઢેલી.

ઘણા લીફ્ટ ઓપરેટરોને આ રીતે ગુંથણ કરતાં કે પુસ્તક વાંચતાં જોયા છે. હવે મોબાઈલના જમાનામાં લાઈનમાં ઊભા ઊભા મોબાઈલ પર એસએમએસ તૈયાર કરવામાં સમયનો ઉપયોગ કરી શકાય. પહોંચી ગયાનો જ એસએમએસ તૈયાર કરી લેવાય જેથી પ્લેનમાંથી ઉતરીને તરત જ પહોંચનો મેસેજ મોકલી દેવાય.

આજકાલ ચેકઈન, સિક્યોરિટી, ઈમિગ્રેશન, વગેરેમાં એટલો બધો સમય જાય છે કે ટ્રાવેલ એજન્ટ બધાને પ્લેન ઉપડવાના સમયની ત્રણ કલાક અગાઉ એરપોર્ટ પર પહોંચી જવાની સલાહ આપે છે. ચેકઈનમાં એકાદ કલાક ગયો હશે. તો પણ પ્લેન ઉપડવાને હજી બે કલાકની વાર હતી.

મેલબર્નથી પ્લેન ઊપડયું ત્યારે અર્ધું ખાલી હતું. એટલે અમે વિચાર કરતા રહ્યા કે આ બધી ગીર્દી શેની હતી ? અને એરલાઈનવાળા સસ્તા દરે અપગ્રેડ શા માટે આપતા હતા. પણ સિડનીથી અમે નવા પ્લેનમાં બેઠા. અમારા સીટ નંબર પણ બદલાઈ ગયેલા. અમે તો હાશ કરીને અમારી સીટ પર ગોઠવાયા. ધીમેધીમે બધી સીટો ભરાઈ ગઈ. હવે પ્લેન ઉપડવાની તૈયારીમાં હતું ત્યારે એક યુવાન કપલ અમારી નજીક આવીને સીટ નંબર જોવા લાગ્યું ને પછી કહે, ‘આ સીટ અમારી છે.’ મને અચંબો થયો. આટલા વર્ષોની મુસાફરીઓના અનુભવમાં સીટ નંબર જોવામાં મેં કદી ભૂલ કરી નહોતી. મેં ગજવામાંથી બોર્ડિંગ કાર્ડ કાઢીને ફરી ચેક કર્યા. નંબર બરાબર હતો. એમણે હોસ્ટેસને બોલાવી. એ અમારા બધાના બોર્ડિંગ કાર્ડ લઈ ગઈ અને થોડી વારે પાછી આવી. અમને કહે, ‘આ તમારા નવા બોર્ડિંગ કાર્ડ. તમારે બિઝનેસ ક્લાસમાં બેસવાનું છે. તમારો સામાન લઈને મારી સાથે ચાલો.’ વાહ, મુસાફરીની શરૂઆત સારી થઈ ! જે બીઝનેસ ક્લાસના ‘અપગ્રેડ’ માટે મેલબર્નમાં અમારી પાસે ચૌદસો ડોલર માગવામાં આવતા હતા અને જો ટ્રાવેલ એજન્ટ પાસેથી લઈએ તો કદાચ છ હજાર (બે ટિકિટના) આપવા પડે, તે અપગ્રેડ આજે એરલાઈનની ભૂલની મહેરબાનીથી અમને મફત મળતું હતું. અમે સીડી ચડી ઉપર ગયા. અહી ફક્ત વીસ સીટ હતી.

બે દાયકા પહેલાં એર લાઈનો બહુ ઉદાર હતી એમ મારું માનવું છે અને એવો અનુભવ પણ છે. તે સમયે એક જ ટૂરમાં બેત્રણ એરલાઈનનો ઉપયોગ કરી શકાતો અને ટિકિટ પણ એક એરલાઈનમાંથી બીજીમાં બદલી શકાતી. એકવાર હું રોમથી મુંબઈ આવતો હતો. એરપોર્ટ પર પહોંચ્યો તો ખબર પડી કે એર ઈન્ડિયાની ફ્લાઈટ ચાર કલાક મોડી હતી. અલિટાલિયાની ફ્લાઈટ એક કલાક પછી ઉપડતી હતી. તપાસ કરી તો સીટ મળતી હતી. અલિટાલિયાએ તરત મને બુકીગ આપી દીધું. ઘણીવાર એજન્ટ ‘મીસ્ડ કનેક્શન’ ગોઠવી આપે જેથી એક એરપોર્ટ પર આપણું પ્લેન પહોંચે તે પહેલાં આપણા કનેક્શનનું પ્લેન ઊપડી ગયું હોય. એટલે એરલાઈનને ખર્ચે આપણને તે સ્થળે હોટેલમા ં- ખાવાપીવા સહિત - રહેવાનું મળે અને શહેર જોવાનો મોકો પણ મળે. ઘેર સગાંવહાલાંને જાણ કરવા માટે પાંચ મિનિટ ફોન પણ કરવા દે. કોઈવાર શહેરની અર્ધા દિવસની ટૂર પણ આપવામાં આવે. અને જો એરલાઈનની બીજા દિવસની ફ્લાઈટમાં ઈકોનોમી ક્લાસ ફૂલ હોય તો ઈકોનોમી ક્લાસમાંથી અપગ્રેડ કરીને ફર્સ્ટ ક્લાસમાં બેસાડી દે. આ રીતે પણ ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરવાનો લાભ મળતો. તે સમયે હજી બિઝનેસ ક્લાસ અસ્તિત્વમાં નહોતો આવ્યો.

(ક્રમશઃ આવતા અંકે)

arrive in Los Angelus the same date but a few hours before our departure time !

When we were standing in the queue waiting for our turn, two airline ladies were asking the passangers one by one if they would like to upgrade to Business class for just \$700.00 – normal fare being \$3000.00. When they came to us and asked, in our true Guajrati style we suggested that if they can upgrade the whole of the ticket in \$700.00 we will accept it. They looked at our world tour ticket, smiled and politely refused.

What do you do when you are standing in a long queue waiting for your turn ? You can shift your weight from one keg to other and occasionally do a three hundred and sixty degree circle and survey the surroundings. If you have company you may chichat or gossip, sometimes repeating the same thing. It is boring, but you have to do somethng to pass the time. If you are alone reading a book or a magazine is a good idea. I once saw a lady carrying her knitting in a cane bsket; by the time her turn came she had cpmpleted half a sleeve ! Hobbies like that are creative and time utilising. I have seen lift operaters doing knitting or reading a book. Of course, these days one can use the time to type out an SMS message on the mobile – something like ‘hv arvd sfly, lv u kss’ husband to wife or boyfriend to girl friend, OR ‘arln fd no gd, strvn, chk stv, is it trnd off’ – wife to husband, etc. and send it off as soon as you arrive at the destination. Youngsters and children use mobiles to play games. ( youngsters very seldom send SMS to parents !)

Finally when our turn came I submitted passports and tickets to the check-in clerk. He asked me to put the suitcases one by one on the weighing belt as he checked the weight of each separately, instead of all together as was the custom. I then realized that we are traveling to USA and as per their union rule each suit case weight is limited to 23kg(50 lbs). Each of the four suit cases weighed a few grams below 23 kg. Anoop gave me pat on the back saying, ‘well done dad !’ and the clerk smiled a sigh of relief as he did not have to do any extra work like asking me to remove the excess weight from the suit case otherwise he will have to charge me excess baggage, which would have been \$25.00 per suitcase which weighed in excess of 23 kg.

It took over an hour at the check-in and yet there was considerable time before the departure of the plane. We can either go through the immigration early and sit in the departure hall – which could be boring – or go to the coffee lounge. Except in India, most international airports allow your friends and relations who have come to see you off upto the immigration gate. There are good coffee lounges and restaurants also. Same thing applies to Tullamarine airport of Melbourne. So we all went into the coffee lounge. We sat near the window overlooking the runway and ordered coffee and chips and onion rings. We disussed again about our long trip exchanged the notes about how Anoop and Unusha were visit our house to check it. I had prepared a list of the people we were likely to be meeting, with their phone numbers, which I gave to them. With some extra deposit money, I had obtained international roaming on my mobile phone so it would be easy to contact us in case of necessity. Took some photos in front of the immigration gate and said good bye to them.

(To be continued)

## જાતરા

ઉપેન્દ્ર ગોર, યુકે

સ્થળ ઃ અખાતી આરબ દેશોનું બેહરીન આંતરરાષ્ટ્રિય વિમાનીમથક. સમય ઃ બપોરના 13.30

સ્વદેશ - ભારત પાછા વળતાં વિમાનબદલીની વિતંતિ વેળાએ, એક તરફ ગોઠવાયેલી ખુરસીઓને છેક છેવાડે બેઠાં બેઠાં એક પ્રૌઢ દંપતિ ધીમા સ્વરે વાતો કરે છે.

'આપણે ગયાં શું ને પાછા વળ્યાં શું ? ખરેખર તો ઠંડા દેશમાં જઈને સાવ ઠંડાગાર થઈ ગયાં.' સંતોકબા બોલ્યાં.

'દેશ તો જોયો હતો, બાકી હતું તે પરદેશ જોઈ લીધો.' અંતરની અકળામણ કાઢતાં મગન માસ્તર બોલ્યા.

'પણ હવે તો ઠંડા પડો. ઠંડો દેશ તો રહી ગયો ત્યાં પાછળ ને આપણે તો હવે પાછા ફરીએ છીએ આપણા ગરમ દેશમાં. સાજાસમા પહોંચી જઈએ એટલે બસ નિરાંત.'

'નિરાંત ? કોણ જાણે ક્યારે મળશે ? કેવા કેવા ન્યારા રંગ જોવા મળ્યાં ?' માસ્તરનો ઉકળાટ હજુ ય શમતો નહોતો.

'એ તો જેવો દેશ તેવો વેશ.'

'તને હૈયે બહુ અભરખો હતો, ત્યાં જવાનો ને બાળકોને રમાડવાનો ! અને જોયું ને ? કોઈ ગગલો કંઈ ગાંડો નથી હોતો.'

સંતોકબા મુંગા બનીને મગનભાઈ માસ્તરની વાત સાંભળતા રહ્યાં, પછી ધીરેથી બોલ્યાં, 'મને ય ખબર છે. આ જમાનો જ આવ્યો છે એવો, સૌ પોતપોતાનામાં મસ્ત. સૌ સ્વાર્થનાં જ સગાં છે. શું પેટના જણેલા કે શું પારકા ? સૌ સરખાં જ. રાતદહાડો એક કરીને ઉછેરીને ભણાવ્યાં ને વખતે પરણાવીને પરદેશે ય મોકલ્યાં. પહેલાં વિશાલને ને પછી વૈભવને પણ. મનમાં હતું કે બંને ત્યાં ભલે જુદા રહે, પણ સુખેદુઃખે એકમેકના સાથ સંગાથે સહારો બનીને તો રહેશે પણ. . .'

'હવે જીવ બાળીને શું કરીશ ? આપણાં જ આપણાંથી અંતર રાખીને વર્તે ત્યાં. . જવા દે. . સમય એવો આવ્યો છે કે આપણે આપણું જ જાતે સંભાળી ન શકીએ તો કોણ જાણે કેવા ય દહાડા જોવા મળશે ?'

'વાત સાચી છે. આપણે ત્યાં ગયા જ ન હોત તો ક્યાંથી સમજાત આવી સાવ સાદી વાત ?' આસપાસ જોતાં હૈયાવરાળને દબાવતાં સંતોકબાએ ટપકતાં આસુ લૂછ્યાં.

'તેં જોયું ને નજરોનજર ? આપણો ય કેવો ઘાટ ઘડયો ? ન રહ્યાં ઘરનાં ને રહ્યાં ઘાટનાં ! સાલું ધોબીના કૂતરાં જેવું જ ને ?' કપાળે હાથ પછાડતાં માસ્તર બબડયાં.

'તમે ય શું ? આમ અકળાવ છો. હવે તો ઘેર પહોંચીશું ને ? બધું ય પાછળથી ધીરે ધીરે ઠરીને ઠામ થઈ જાશે. ક્યાં કોઈનો ય છૂટકો છે ? સૌનો વારો આવશે.' આંખમાંથી ખરી પડતાં આંસુ લુછતાં બોલ્યાં, 'તમે હવે શાંતિ રાખો. હજુ હું આપણા બેની ભાખરીઓ તો સેકી શકું છું ને ? હવે મૂકોને બધી પંચાત !'

'હું ય સમજૂ છું તારી વાત ! માબાપ છીએ ને ? એટલે બળતા કાળજાનો બળાપો નીકળી જાય છે.' કહી એકદમ મૌન બની ગયા.

ગઈ કાલે હિથરો વિમાન મથકેથી રવાના થયા ત્યારથી સાવ મુંગા થઈ ગયેલાં બંને ય આટલી વાતચીત ય હમણાં કરી શક્યા. મગનભાઈ માસ્તર અશાંત મને સામે દેખાતા ટીવી સ્ક્રીન પર દશ્યમાન થતા, ઉપડતા વિમાનોના સમયપત્રકને તાકી રહ્યા. પણ ખરેખર તો બંને ય ત્યાં ઈન્ગ્લેન્ડમાં તાજા બનેલા બનાવોમાં સરકી ગયાં હતાં. જાણે તમામ પ્રસંગો હમણાં જ સાદશ્ય તેમના માનસપટ પર તરવરી ન રહ્યાં હોય !

શિક્ષણક્ષેત્રે પાંત્રીસ વર્ષના લાંબા વ્યવસાયમાંથી નિવૃત્ત થયા પછી એકવાર ઘરના રવેશમાં નિરાંતે બેસી વર્તમાનપત્રની એક જાહેરાત વાંચતાં મગનભાઈની વર્ષોજૂની ઝંખના એકાએક સળવળી ઊઠી. સહસા એ બોલી ઊઠયા, 'સંતોક ! ચાલને આપણે થોડો સમય હરદ્વાર, ઋષિકેશ અને બદરીકેદારની યાત્રાએ જઈ આવીએ. ગંગાસ્નાન અને દેવદર્શનથી અપાર આનંદ સાથે આત્મિક શાંતિયે લાધશે.'

'તમારી વાત સાચી છે, પણ. .' સંતોકે પોતાના મનની વાત કહેતાં ખચકાટ અનુભવ્યો.

'પણ શું ?' મગનભાઈએ વર્તમાનપત્રકમાંથી દષ્ટિ હટાવી સંતોક સામે જોઈ પૂછ્યું.

'મને થાય છે કે પહેલાં આપણે વિશાલ અને વૈભાવને ત્યાં ઈગ્લેન્ડ જઈ આવીએ. તેમના કિલ્લોલતા કુટુંબ સાથે થોડો સમય ગાળી આવીએ. તે બંને ઘણા સમયથી બોલાવે પણ છે. પછી નિરાંતે યાત્રાધામે નીકળી જઈશું. બરાબર ને ?' સંતોકબા આટલું કહી અન્ય કામમાં પરોવાયાં.

થોડા દિવસોમાં ઈગ્લેન્ડ પ્રવેશનો પરવાનો મળી ગયો. ત્યારે બંનેના હૈયે કેવો હરખ ઊભરાતો હતો ! બંને દીકરાઓ અને તેમના કુટુંબને - વિશાલ, વિભા, આનંદ ને આરજુ તથા વૈભવ, શ્રાવણી, તૃપ્તિ ને તુષાર - સૌને લાંબા સમયે મળાશે. તેમના ઉર આનંદથી છલકાતાં રહ્યાં - આખી વિમાની મુસાફરીના સમયે.

હિથરો વિમાની મથકે વૈભવ અને વિશાલ બંનેએ તેમનું પ્રેમભર્યું સ્વાગત કર્યું. પોતાના વહાલસોયા પુત્રોને મળી તેમનાં હૃદય અત્યંત આનંદથી ઊભરાતાં હતાં.

ટ્રોલીમાંથી બધો સામાન ગાડીઓમાં ગોઠવતાં બંને ભાઈઓ વચ્ચે ધીમા સ્વરે થતી ત્રૂટક ત્રૂટક વાતો ને રકઝક મગનભાઈ માસ્તરની અનુભવી આંખોથી અછતું ન રહ્યું. પરિસ્થિતિ પારખીને પરાણે પોતાને શાંત રાખી ન શકવાથી માસ્તર બોલ્યા ય ખરા, 'વિશાલ, વૈભવ, શું બાબત છે ?'

'કંઈ નહિ, પપ્પા' એકદમ જાણે કંઈ જ ન બન્યું હોય તેમ, 'પપ્પા, આ બધો સામાન ગોઠવાઈ જાય પછી આપણે ઘેર જવા નીકળીએ,' આછા સ્મિત સાથે વૈભવ બોલ્યો. થોડીવાર પછી બંને ભાઈઓની ગાડીઓ દક્ષિણ લંડનના ક્રોયડન તરફ દોડવા લાગી. ત્યાં વૈભવના ઘેર બધો સામાન ઉતાર્યા પછી પપ્પા અને મમ્મીની સામે જોઈ વિશાલ ધીરેથી બોલ્યો, 'જુઓ પપ્પા, અમે બંને ભાઈઓએ તમને બંનેને અહીં બોલાવ્યા છે અને અમે નક્કી કર્યા મુજબ હમણાં તમે અહીં વૈભવને ત્યાં રહેજો. વિકએન્ડમાં હરમનમામા અને હંસામાસી આવીને તમને તેડી જશે. તેઓ બંને એકલા છે અને તેમને ત્યાં રહેવાની પૂરતી સગવડ છે. બેત્રણ વીક પછી આનંદ અને આરજુને યુનિવર્સિટીની નવી ટર્મ શરૂ થવાની છે ત્યારે એ બંને તેમણે રાખેલા પોતપોતાના ફ્લેટમાં રહેવા જશે. ત્યારે હું અને વિભા આવીને તમને લઈ જઈશું. તો અમે હવે જઈએ. વીકએન્ડમાં મામાને ત્યાં આવીને મળી જઈશું અને રોજ રાત્રે ફોન પર પણ મળતાં તો રહેશું જ. ઓ કે, ધેન, બાય.' કહી વૈભવ સામે દષ્ટિ કરતો વિશાલ અને તેની પત્ની વિભા ચાલ્યા ગયાં.

મુક મને મગનભાઈ અને સંતોકબેન વિચારી રહ્યાં, 'સાચી વાત છે ને ભાઈ. અમે અહીં આવ્યા છીએ તો હવે તમે કરેલી ગોઠવણ પ્રમાણે રહેવું પડશે. તમે મનમાં કોઈ ઉચાટ ન રાખતાં. આમે ય અમે તો તમારા કિલ્લોલતાં કુટુંબને જોવા, જાણવા ને માણવા તો આવ્યાં છીએ પછી પાછા દેશમાં જઈ યાત્રાએ જઈશું. થોડા અહીં કાયમ રહેવા આવ્યાં છીએ ?' માસ્તરના મનમાંથી આવ્યાનો ઉમંગ તો ઓસરી ગયો હતો પણ અંતરમાં ઊભરાતા અજંપાને પરાણે દબાવતા રહ્યા.

ત્યારે સંતોકબા મનોમન અતીતમાં બનેલા બનાવોને વાગોળતા રહ્યા.

દાંપત્ય જીવનના પ્રારંભિક વર્ષોનો સમય. પહેલાં વિશાલનો અને પછી ચારેક વર્ષ બાદ વૈભવનો જન્મ થયો. બંને સંતાનોના નામ પણ પાડયા - વિશાલ .વૈભવ ! બંનેની બાલસુલભ રમતો અને કિલકિલ્લાટથી જીવન પણ કેવું સભરતાથી ભર્યું ભર્યું છલકાતું લાગતું. બંને શહેર અમદાવાદમાં રહેવા આવ્યા ત્યારે તેમના ઘણું કહેવા છતાં માસ્તરના બા તેમની સાથે અમદાવાદમાં રહેવા ન ગયા. એ તો પોતાનું ગામડાનું ઘર છોડવા નહોતા માંગતાં, 'હું ભલી ને ભલું મારું આ ખોરડું. મને શહેરમાં ન ફાવે.' માસ્તર અકળાતા બોલતા ય, 'બા ! ચાલને અમારી સાથે. હવે આ ગામમાં રહ્યું છે પણ શું. ધૂળ, માટી ને ઢેફાં જ છે.' અને એ બોલતાં, 'હા, તારી વાત સાચી છે. આ માટી જ મારી મા છે. અહીં આવી ત્યારની અહીં જ સમાઈ છું ને, ' અને મુક્ત હાસ્ય સાથે બોલતાં, 'બેટા ! ડુંગરા તો દૂરથી જ રળિયામણા. ત્યાં શહેરમાં કોઈના સંગાથ કે સાધન વગર ફરાય નહિ અને અહીં બધે ય પગપાળા જવાય.' ને પછી દાદરા તળે પગ લંબાવીને વિરામ કરતા. સંતોકબાને વર્ષો પહેલાંનાં સમય, સ્થળ અને સંજોગોનું સ્મરણ થઈ આવ્યું.

એકવાર સમીસાંજે હરમાનભાઈ સાથે ફરવા જતાં વાત થયેલી 'જૂઓ મગનભાઈ ! આજની પેઢીને જૂના મૂલ્યો સાથે સહેજ પણ લગાવ નથી. આપણે પ્રત્યેકવેળા તેમને આપણને ગમતી વાતમાં સાંકળવા મથીએ છીએ અને છેવટે દુઃખી તો આપણે જ થઈએ છીએ. તેઓ તો જાણે કાંઈ જ બન્યું ન હોય તેમ વર્તે છે. તેમની વિચારસરણી સાથે તેમની જીવનપ્રણાલીઓ પણ બદલાઈ ગઈ છે. સુખ સગવડનાં સાધનો સહેલાઈથી મળતા થઈ ગયાં છે તેથી તો તેમની રહેણીકરણી ને ખાણીપીણીમાં પહેલાં કરતાં આભજમીનનો ફેર પડી ગયો છે. પ્રત્યેક પોતાનાં ચોકઠામાં કે વર્તુળમાં મગ્ન છે અને કિલ્લોલ કરે છે. છોડો આ બધી વાત ! આપણે પણ આપણા જ વર્તુળમાં રહેતાં શીખી

લેવું ઘટે. તમારા બંને સંતાનો પોતપોતાના લગ્નજીવનમાં સુખી છે તો તમારે તેમને તેમની રીતે રહેવા દેવાના.' કહી મૌન બની સામી દિશાએ આથમતા સૂરજની આભાને વિલોકતા રહ્યા.

'આ જુઓને, મારો મલય,' વાતનો દોર ચાલુ રાખતાં હરમાનભાઈ બોલ્યા, 'એ અહીંની સ્થાનિક કોલેજમાં માનસશાસ્ત્રનો પ્રોફેસર છે. પણ તેના માનસને સાચી રીતે હું હજી સમજી શક્યો નથી. તેની સાથે જ કામ કરતી એક ડાયવોર્સી ગોરી બાઈ સાથે તેના ફ્લેટમાં વગર લગ્ને રહે છે. લગ્નબંધનની બેડીમાં ઝકડાઈ જવામાં તેઓ માનતાં નથી. હું લગ્નની વાત કરું છું તો મોં ફેરવી લે છે. કોઈ હવે બંધનની બેડીમાં ઝકડી રહેવા માંગતાં નથી. મુક્ત જીવનના આ છે નવા ન્યારા રંગ !'

વિશાલના યુવાન સંતાનો આનંદ અને આરજૂ યુનિની ટર્મ શરૂ થતાં પોતપોતાના ફ્લેટમાં રહેવા ચાલ્યા ગયાં. પછી વિશાલ અને વિભા આવીને પોતાના માતાપિતાને પોતાને ત્યાં લઈ ગયાં. ત્યાં પણ આખો દિવસ તો બંને એકલા જ રહેતાં. વિશાલ અને વિભા પોતપોતાના વ્યવસાયમાં મસ્ત અને વ્યસ્ત. ખાવાના ટેબલ પર થોડી વાતચીત થતી અને પછી બંને પોતપોતાને કામે લાગી જતાં. વિશાલની વાતો જો કે ભભકાભરી લાગે પણ તેમાં આત્મીયતા ઓછી અને બાલિસતા વધારે ! મગનભાઈ પણ પરાણે પરાણે ભાવશૂન્યતા જાળવી રાખતા.

બેએક અઠવાડિયા પછી વૈભવ આવીને તેમને પોતાને ઘેર લઈ ગયો. ત્યાં નાનાં ભૂલકા તૃપ્તિ અને તુષાર હોવાથી ગમ્યું ખરું. ક્યારેક લંડન શહેરમાં તો ક્યારેક દરિયાકાંઠે ફરવા લઈ જતો.

પણ વિતેલા દિવસો પાછા ક્યાં મળે છે ? પોતાના દિકરાઓ નાના હતા ત્યારે તો આ પાંગરતાં પુષ્પોના પમરાટથી પુલકિત થતાં રહેતાં. હશે, જેવા જેના જીવન. આપણી માનસિકતાને સ્વસ્થ રાખવાની મથામણો ક્યાં સુધી કરીશું ? સૌને સૌનું પોતાનું જીવન છે. જેવાં જેનાં જીવન તેવાં તેમને મુબારક. આપણે હવે શાના અભરખા ? જાત્રાએ જતાં જતાં અહીં સંતાનોના કિલ્લોલતા કુટુંબોને જોવા, જાણવા અને માણવા આવ્યાં હતાં ને ? જાતને તારી લેતાં શીખવા મળ્યું એ જ સાચી જાત્રા થઈ ગણાય ને ?

તેમની દૃષ્ટિ સતત વિમાનોની આવજાની સૂચી દર્શાવતા સ્ક્રીન પર સ્થિર થઈ. મુંબઈ તરફ જતા વિમાનનો ગેટ નંબર ત્રણ ખુલ્યાની સૂચના વાંચી તેમની આંખો ચમકી. સાથેના પ્રવાસીઓને પણ ઊઠતા જોયા અને એ બોલી ઊઠયા, 'ચાલ સંતોક ! અંતરસ્થિત અંતરાત્મા જ માર્ગ ચીંધે છે. સૂરજ ઢળે ત્યારે આંખોથી જોવાજાણવાની દૃષ્ટિમાં ફેર પડે તેમ સરકતા સમયના બદલાતાં વહેણને પણ સમજી લઈએ.'

મગનભાઈ માસ્તર અને સંતોકબા અંતર ભીંજાતા હૃદયે એકબીજાના ટેકે ચાલતાં હતાં ત્યારે ઉમટેલા ઉર ઉજાસથી, અંતર અજવાળતો ઉત્સાહ તેમના ચહેરા પર છલકાતો હતો.

## આ કામ કોણ કરશે ?

પ્રવીણ વાઘાણી

ઓસ્ટ્રેલિયાથી ભારતમાં વતનના ગામમાં આવ્યાં. અહીં અમે એક બહુમાળિયા બિલ્ડિંગમાં એક ફ્લેટ ખરીદી લીધો છે. ધીરે ધીરે ઘર સજાવવાનું છે. આજે જમવા માટે એક ઘરઘરાવ ટિફિન સર્વીસ ચલાવતા બ્રાહ્મણ દંપતિને ત્યાંથી ટિફિન મંગાવવાનો વિચાર કર્યો, પાડોશીની સિફારસથી ! જાણવા પ્રમાણે ઘણા સમયથી તે આ કામ કરે છે. તેમને ત્યાં જમવા પણ લોકો આવે છે. પણ તેમને ત્યાં જોવા ગયો ત્યારે સ્વચ્છતાનું ધોરણ અમારી ગણતરી પ્રમાણે ઘણું જ ઊતરતી કક્ષાનું લાગ્યું. એક જૂના ઘરમાં નાના રસોડામાં જૂની પધ્ધતિથી જ જમીન પર ચૂલા રાખીને રંધાતું હતું. પરસાળમાં જ્યાં એંઠા ઠામ મંજાતાં હતાં તેની બાજુમાં જ બેસીને એક બાઈ રોટલી વણતી હતી. અને તેની બાજુમાં ત્યાં આવીને જમવાવાળા માટે ટેબલખુરસી હતા. ખેર, તો પણ અખતરા ખાતર અમે ટિફિન મંગાવી લીધું.

જમવાનું પણ સારું હતું. પણ તીખું અને બહુ તેલવાળું હતું. અમને પરદેશવાસીને હવે અહીંનું તીખું, તેલવાળું અને વધુ તો અસ્વચ્છ જગ્યામાં બનાવેલું ન પચી શકે તેનો અનુભવ મને તરત જ થયો. જમ્યા પછી થોડીવારે પેટમાં દુઃખવા લાગ્યું અને શરીર ગરમ થવા લાગ્યું. સાધારણતઃ મને બપોરે જમ્યા પછી સૂવાની ટેવ નથી. વાંચન કરું, લખું અથવા બીજી કોઈ પ્રવૃત્તિ કરું. પણ આજે આખું શરીર જાણે નબળું પડી ગયું હોય તેમ લાગતું હતું. હું પથારીમાં ચાદર ઓઢીને સૂઈ ગયો.

મોડી રાત્રે હું જાગ્યો. આખું શરીર પરસેવે રેબઝેબ હતું. મારો દરરોજ સવાર સાંજ ચાલવા જવાનો નિયમ. પણ આજે ચાલવા જઈ શક્યો ન હતો. એટલે વિચાર થયો કે રાત્રિની ઠંડી હવામાં થોડું ચાલવા જવું જોઈએ. ચાલતાં ચાલતાં ઘરથી ઘણે દૂર નીકળી ગયો હોઈશ ત્યાં સામેથી એક અદ્ભૂત દશ્ય જોવા મળ્યું. ઘડીભર તો માનવામાં ન આવ્યું કે આ સાચું જોઉં છું કે કોઈ સ્વપ્ન ! સામેથી એક ઘોડેસ્વાર યોધ્ધો આવતો હોય તેમ લાગ્યું. સુધરાઈના થાંભલા પરના ટગમગ થતા દીવાના અજવાળામાં આકૃતિ ઝાંખી લાગતી હતી. પણ જેમ યોધ્ધો નજીક આવતો ગયો તેમ તેનો આકાર અને ચહેરો પરિચિત લાગવા લાગ્યા.

નિશાળમાં ડ્રોઈંગના પિરિયડમાં આ આકૃતિ દોરવાનો મને શોખ હતો એટલે એ કેમ ભૂલાય ? એજ રાજાશાહી પોષાક, એજ ચહેરોમહોરો, એ જ મોટા થોભિયા જેવી કાળી મૂછો, એ જ આછા પ્રકાશમાં પણ શૂરવીરતાની નિશાની જેવો ચમકતો ભાલો અને એજ રેવાલ ચાલે ચાલતો ઊંચો ઘોડો. નજીક આવતાં ઓળખાણ કરવામાં જરા પણ ભૂલ થાય તેમ ન હતી

એની સામે નજર મળતાં જ મેં પૂછ્યું, 'ઓહો, મારા અહોભાગ્ય.રાણા પ્રતાપ તો નહીં ?'

'બિલકુલ સાચી વાત પણ તોયે થોડી ભૂલભરેલી !'

'એટલે ?'

'હું રાણા પ્રતાપના વેશમાં એક યક્ષ છું'

'યક્ષ ?' મારા આશ્ચર્યનો પાર ન હતો. 'એ તો પૌરાણિક કથાઓમાં આવે છે તે ને ? હું તો માનતો હતો કે મહાભારતના સમય પછી સતયુગ પૂરો થયો ત્યાં જ તેમની પણ સમાપ્તી થઈ ગઈ. યુગોની હદ ઓળંગીને આ કળિયુગમાં આવવાનું કોઈ પ્રયોજન ઊભું થયું. ?'

'આ યુગો તો મનુષ્યજાતિએ પોતાની ગણતરીની સગવડતા માટે બનાવ્યા છે. કાળને, સમયને એવી કોઈ જ સરહદ નથી હોતી. પણ તું તો તારી અર્ધી જીંદગી પરદેશમાં રહ્યો. એટલે ભારત અત્યારે કેવી કેવી યાતનાઓ ભોગવી રહ્યું છે તેનો તને અંદાઝ નહીં હોય.'

'અંદાઝ ભલે ન હોય પણ પરચો તો થઈ ગયો છે.' મેં હતાશાભર્યા અવાજે કહ્યું.

'શું કહે છે તું ?'

'હું ભારતમાં ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ અનેક સ્થળોએ ફર્યો છું. ગામેગામના પાણી પીધાં છે એવો મારો દાવો છે. દર વરસે ભારત આવું પણ છું. મને કદી બીજા જેવી ફરિયાદ નથી રહી. પણ આજે આ અજાણી જગ્યાએ તૈયાર થયેલું ભોજન લીધું અને તાવમાં પટકાયો છું.. એવું લાગ્યું કે અત્યારના ભારતે મને એક ચુનૌતિ આપી છે. અર્ધી સદી પહેલાંનું ભારત આ નથી. વસતી ત્રણ ગણી વધી છે પણ ગંદકી દશગણી થઈ છે. એકે ય ચોખ્ખી જગ્યા દેખાતી નથી. બધે જ ગંદકી ફેલાઈ ગઈ છે. માણસ પોતે પણ ગંદો થઈ ગયો છે. ચોક્ખું ખાવાનું ન મળે, સારી વસ્તુ ન મળે, શ્વાસ લેવા માટે શુદ્ધ હવા ન મળે, પીવા માટે પાણી ન મળે, સાચો માણસ ન મળે. નકલી ખાવાનું, નકલી રહેવાનું, નકલી માણસ, નકલી સાધુ, નકલી સંત, બધું જ નકલી બની ગયું છે. બધેજ બધું નકલી. સુખ પણ નકલી. સુખ ઓછું ને દુઃખ ઝાઝું છે. સમજ નથી પડતી કે કળિયુગે આ દશા કરી છે કે માણસ પોતે આને માટે જવાબદાર છે.'

'તારે સાચું જાણવું છે ?'

'જાણવાની ઈચ્છા તો છે. જ્ઞાનમાં ઉમેરો થશે. પણ તેનો ઉપયોગ શું ? ઉપયોગ વગરની વસ્તુ પણ કટાઈને નકામી થઈ જાય છે, હાથપગના સ્નાયુની જેમ નબળી પડી જાય છે. આ 'આઈટી'ના જમાનામાં કમ્પ્યુટરો પણ ઈન્ફોર્મેશનથી છલકાઈ રહ્યા છે.'

'જ્ઞાન એ મનુષ્યજીવનના સુખની શરૂઆત છે. દુઃખ ક્યાંથી આવે છે તે જાણી તેને આવવાનો રસ્તો બંધ કરવામાં આવે તો સુખને આવવાનો માર્ગ મોકળો થાય. કોયડો જાણવો પછી તેનો ઉકેલ શોધવો અને ઉકેલનો અમલ થાય તો કોયડો જાય !'

'એક કોયડો હોય તો તેનો ઉકેલ શોધવાનો ઉત્સાહ રહે.. અહીં તો તેનો ઢગલો છે. કેનો ઉકેલ શોધવો ?

'ઘણીવાર એક કોયડાના ઉકેલ સાથે બીજા કોયડાના ઉકેલો સંકળાયેલા હોય છે. એક જો મળી જાય તો બીજા આપોઆપ તેની પાછળ ચાલ્યા આવે. તેં કદી દોરીની ગૂંચ ઉકેલી છે ?'

'નાનપણમાં પતંગ ચગાવતી વખતે ઘણીવાર. પણ હવે તો ગૂંચવાયેલી દોરી ફેંકી દેવાય છે. એવી ધીરજ કે સમય કોની પાસે છે ? અને દોરીની કિંમત પણ ઘટી ગઈ છે.'

'તો પણ તને યાદ હશે કે દોરી ગમે તેટલી ગુંચવાયેલી દેખાય પણ એકબે ભાગમાંથી થોડી છૂટી પડે એટલે સડસડાટ આખી દોરી છૂટી પડી જાય.'

'હા, પણ તેનું અહીં શું છે. ? તમે પુરાણકાળના યક્ષ. તમને કદાચ ખબર નહીં હોય કે છેલ્લી અર્ધી સદીમાં ભારત કેટલું બદલાઈ ગયું છે. પહેલાં છોકરીઓ ઘાઘરીપોલકાં પહેરતી ને પાંચીકા રમતી અને છોકરાં ચડીબાંડિયું પહેરતા ને ગીલ્લીદંડા રમતાં. હવે બધા જીન ને ટીશર્ટ પહેરી ડિસ્કોમાં જાય છે અને ઘરમાં કમ્પ્યુટર સામે બેસી 'ચેટ' કરે છે. છોકરાને છોકરીમાં જાણે બહુ તફાવત નથી રહ્યો. માણસ સાચા ધર્મને ભૂલીને અધર્મની અંધશ્રદ્ધામાં અટવાયેલો છે. તેને ધન કે સત્તા સિવાય બીજા કોઈમાં રસ નથી. આમાં તમારું પુરાણકાળનું યક્ષજ્ઞાન શી રીતે ઉપયોગમાં આવે ?'

'જ્ઞાન શાસ્વત છે. તેનો ક્ષય થતો નથી કે તેની ઉપયોગીતા ઘટતી નથી. તેનો ઉપયોગ કરવાનું જ્ઞાન અને ધગશ હોવી જોઈએ અને સફળ થવાની શ્રદ્ધા હોવી જોઈએ.'

'સફળ થવાની શ્રદ્ધા ત્યારે હોય જ્યારે જ્ઞાનનો ઉપયોગ કરવાનું જ્ઞાન હોય. ક્યા જ્ઞાનનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવો એનું પણ જ્ઞાન હોવું જોઈએ ને ?'

'બિલકુલ સાચી વાત. ખોટો ઉપયોગ વિપરિત પરિણામ પણ લાવી શકે. પણ વધારે ચર્ચા કર્યા વગર ચાલ તને એક પ્રયોગ કરી બતાવું જેને માટે હું આવ્યો છું અને જેનું નિમિત્ત બનવાનું તારા ભાગ્યમાં લખાયું છે.'

'નિમિત્ત હું બનવાનો છું ?'

'હા, અત્યારે 'અંધશ્રદ્ધા' અને 'ગંદકી' નામના બે વિકરાળ રાક્ષસો આ ભારતદેશમાં પથરાયેલા છે. તેની ઉત્પત્તિ માણસે કરી છે અને તેનો વિનાશ પણ માણસજાતે પોતે જ કરવાનો છે. પહેલાંના રાક્ષસો કોઈ ઋષિના શ્રાપથી ઉત્પન્ન થતા કે દેવોના વરદાનથી બળવાન બનતા એટલે તેમના નાશ માટે ઈશ્વરને અવતાર લેવો પડતો. પદ્માસન વાળી હાથ જોડીને બેસી રહી ઈશ્વરના અવતારની રાહ જોવાનો સમય ગયો. પણ અત્યારે માણસ માર્ગ ભૂલેલો ભટકે છે. તેને સાચી દિશા બતાવવા અમે યક્ષગણે નિર્ધાર્યું છે. તું મારી સાથે ચાલ.'

થોડે દૂર ચાલ્યાં ત્યાં માથું ફાટી જાય તેવી દુર્ગંધ મારા નાકને સ્પર્શી ગઈ. ઝાંખા અજવાળામાં રસ્તાથી દૂર એક ખંડેર જેવું મંદિર દેખાયું. તેની આજુબાજુ બધે ગંદકીના ઢગ ખડકાયેલા હતા. સડતા ફૂલો, કોહવાયેલા બિલિપત્રો, નાળિયેરની કાચલીઓ, દીવાના કોડિયાઓ, પ્લાસ્ટિકની થેલીઓ, ફેંકી દીધેલા પ્રસાદો, ઘીતેલના પાઉચો, આ અને આવી અનેકવિધ ધાર્મિક ક્રિયાઓમાં વપરાતી વસ્તુઓનો ગંજ ગંદકીના ઢગરૂપે સડી રહ્યો હતો. ખૂણામાં એક કૂવો દેખાયો. એ પણ આવીજ ગંદકીથી ભરાયેલો હતો, એટલે એનું પાણી ઉપયોગમાં લેવાય એવી કોઈ શક્યતા દેખાઈ નહીં.

ખંઢેર મંદિર તરફ આંગળી ચીંધી યક્ષ બોલ્યો' 'જો પેલા ખંઢેરમાં મૂર્તિ છે જે કેટલાય સમયથી અપૂજનીય દશામાં પડી છે. તેને ઊઠાવીને બાજુના કૂવામાં ફેંકી દે. ફેંકતી વખતે તારી પીઠ કૂવા તરફ રાખજે, માથા ઉપરથી લઈ જઈને ફેંકજે અને શું બની રહ્યું છે તે જોવાની કોશિશ ન કરતો'

'યક્ષદેવ !' હું હાથ જોડીને બોલ્યો, 'ગંદકીની આટલે દૂર હોવા છતાં તેની દુર્ગંધથી મારું માથું ફાટી રહ્યું છે અને ચક્કર આવે છે, આપ મને ગોઠણ સુધી ખૂંચી જવાય એવા ગંદકીના આ ઢગલામાં ચાલીને પેલી મૂર્તિ ઉપાડવાનું કહો છો ? મને લાગે છે કે હું અધવચ્ચે જ બેભાન થઈ જાઈશ અને કદાચ હાર્ટ એટેક આવશે તો એ ઢગલામાં જ દટાઈ જઈશ અને કોઈ મને શોધી પણ નહિ શકે.'

'અરે, મંદસ્મિતવાળા માનવી,' યક્ષએ જરા મલકાઈને કહ્યું, 'આ ગંદકીનું સાન્નિધ્ય કદાચ તારામાં આવા નકારાત્મક અને નિષ્પ્રાણ વિચારો સ્થાપિત કરી રહ્યું છે. જે ઉમદા અને પરોપકારી કાર્ય કરવા તું જઈ રહ્યો છે તે મનમાં ધારીને દૃઢ સંકલ્પ સાથે આગળ વધ. સ્મરણ કર કે જ્યારે વાત્સલ્યહૃદયી ભગવાન બુદ્ધે ક્ષયથી પીડાતાની સેવા કરી ત્યારે પોતાના સ્વાસ્થ્યને હાનિ પહોંચશે એવો વિચાર સુદ્ધા નહોતો કર્યો.'

આડુઅવળું જોયા વગર, જે મૂર્તિ ઊપાડવાની હતી તેના પર મારી નજર સ્થિર કરી ઈષ્ટદેવના સ્મરણ સાથે હું આગળ ચાલવા લાગ્યો. મને લાગ્યું જાણે ગંદકી મારા પગને સ્પર્શ નથી કરતી અને લોઢું જેમ લોહચુંબક તરફ આકર્ષાય તેવી ત્વરિત ગતિએ હું મૂર્તિ પાસે પહોંચી ગયો. કાળમીંઢ પથ્થરની બનેલી મૂર્તિને બાથ ભરીને ઊપાડવાની કોશિશ કરી તો તે જાણે કાગળના માવાની બનેલી હોય તેવી હળવી ફૂલ જેવી લાગી. વધારે વિચાર કર્યા વગર યક્ષની આજ્ઞા પ્રમાણે મેં કૂવા પાસે જઈ માથા ઉપર લઈ જઈને મૂર્તિ કૂવામાં પધરાવી.

કડાકા સાથે એક ચમકારો થયો અને પ્રકાશનો એક લીસોટો આકાશ તરફ લંબાઈને અદૃશ્ય થઈ ગયો. ધરતીકંપ આવ્યો હોય તેમ આજુબાજુની ધરતી ધ્રુજી ઊઠી, મંદિર અને ગંદકીનો ઢગલો એકાએક ગાયબ થઈ ગયા.

હું સફાળો પથારીમાં બેઠો થઈ ગયો. મારું આખું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું હતું, મારો તાવ ઉતરી ગયો હતો. બે પડદાની વચ્ચેથી તેજસ્વી સૂર્ય કીરણો મારી આંખને આંજી ગયા.

## કિસ્મત

પાના ૧૨થી ચાલુ

શેઠજીએ એમનાં હાથે પેંડો ખવડાવ્યો. એમનો હાથ બરછટ હતો. પેંડાનો સ્વાદ પાણીપુરી જેવો ન હતો. મયંક દોટ કાઢી મર્સિડીઝમાં બેસી ગયો. ગજ જેમ ડોલતા શેઠ તે તરફ ગયા. માસ્તરો અને વ્યવસ્થાપકોનું ટોળું એમને વળાવવા પાછળ ભાગ્યું.

ના મારી 'હા' કે ના મારી 'ના', પણ મારી ખોલીનું નસીબ ફરી ગયું. વ્યવસ્થા થઈ ગઈ હતી, મારે તો બસ આગળ જ વધવાનું હતું. હું આગળ ને ઈનામ પાછળ, એક નવો દોર ચાલુ થયો. દર વર્ષેનું પારિતોષિક મોટું બનતું ચાલ્યું. ભગવાનદાસની ભલમાનસાઈનો જ આ બધો પ્રતાપ. સમાચારપત્રોમાં લેવાતી નોંધથી મને ખુશી થતી. અરે ! શેઠજીનો આનંદ પણ બેવડાઈ જતો.

સમય ક્યાં કોઈની રાહ જૂએ છે ! હું મનોવિજ્ઞાનની દાક્તર બની. ચંદ્રક મને મળે અને માએ વાઘ માર્યો હોય એમ એ ફૂલાતી ! હું જોઈ શકી કે એનાં વર્તાવમાં પરિવર્તન આવ્યું હતું. ભગવાનદાસનાં ઘણાં મકાનો હતાં. વાલકેશ્વરમાં એમનાં મકાનમાં હવે અમારો વાસ હતો.

શેઠજીના વર્તુળનો લાભ મને મળતો થયો. વારતહેવારે શેઠજી બોલાવતા. અવારનવાર અમે ત્યાં જતા પણ ખરા. મયંક મોટે ભાગે એની રૂમમાં જ રહેતો. શેઠજી ત્યાં જાય અને એને લઈ આવે. સોફામાં એ સામે ગોઠવાય. થોડો વખત બેસી એ પાછો જતો રહેતો.

મયંકનું હાસ્ય લાજવાબ હતું. વસંતપંચમીનો એ દિવસ હતો. વરંડામાં અમે બેઠા હતાં. એક તરફ મા, બરાબર સામે મયંક અને બીજી તરફ શેઠજી હતા. આડી અવળી વાતચીત થતી હતી.

'દીકરી, તારું કામકાજ કેવું ચાલે છે ? મજામાં છે ને ?' હરહંમેશનો શેઠજીનો આ પ્રશ્ન રહેતો.

'તમારી કૃપા અને પરમાત્માની કરુણાથી બધું ઠીકઠાક છે.' મારે તે વળી બીજું કહેવું પણ શું ?

'શું ઠીક ને શું ઠાક ? શેઠજી, માલતીને ઠેકાણે પાડવાની મને ઘણી ચિંતા છે.'

'હું પણ ક્યાં અપવાદ છું ? દરેક મા-બાપને આ ચિંતા તો રહેવાની જ. પ્રસૂતિમાં ઘરવાળાં પ્રભુ પ્યારાં થઈ ગયાં, ત્યારથી મયંક માટે હું જ એની મા અને બાપ છું ને !'

'અરે ! એ તો પરાણે વહાલો લાગે એવો છે.' માના અવાજમાં ઉત્સાહ હતો.

કોણ જાણે કેમ મારા દિલની ધડકન તેજ બની. બેશક મયંક પરાણે વહાલો લાગે તેવો હતો.

'માલતી, દીકરી ! વર અને ઘર, બન્ને, હું તને આપું તો ?' શેઠજીની આંખ મારા ઉપર સ્થિર થઈ ગઈ.

ઋણની સ્નિગ્ધતા અને સ્ત્રી સહજ શરમમાં હું નીચું જોઈ ગઈ.

'અરે ! એ શું જવાબ આપવાની હતી ? સારું ઘર અને સારો વર, એ તો ભાગ્યશાળીને જ સાંપડે. સાચું પૂછાવો તો દીકરી દઈને તો હું સામે દીકરો પામવાની છું.'

ઝુકેલી મારી આંખ ઉંચી થઈ ત્યારે મયંક મારો વર બની ચૂક્યો હતો. એ મૂંગો, બહેરો અને અસ્થિર મગજનો હતો. શેઠજીએ એનાં માટે મને પહેલાંથી જ નક્કી કરી દીધી હતી. ઈનામનો દોર એમનું તર્કટ હતું. મારી માને એમણે ફોડી હતી. ભેગાં મળી એ બન્નેએ મારા નસીબને ફોડ્યું હતું.

મુલાયમ હાથ, લાજવાબ હાસ્ય, કેવું તે મારું આ ઈનામ ? તમને લાગે કે કુંડળીનાં કાળસર્પે મને ખુદને જ ડંખ માર્યો. તો, મારે કહેવું પડે કે તમે ગલત છો. મનોવિજ્ઞાનના ચિકિત્સક તરીકે હું બધાંનાં મન, ભાવ અને વ્યવહાર કળી ગઈ હતી.

બધાં જ ખુશ હતાં. મા શેઠાણી બની ગઈ, શેઠે પુત્રવધૂ વહોરી અને દીકરાને એક ખિલોણું મળી ગયું. ભલે બધાં ભ્રમમાં રહે. બાકી, ચાલ સામે મેં મારી ચાલ સફળ બનાવી હતી. મા, વર, ઘર અને શેઠ હવે મારી મુઠ્ઠીમાં બંધ હતાં અને એમને તો આની જાણ પણ ન હતી !

## કિસ્મત

પ્રવીણ પટેલ 'શશી', અમેરિકા



હું ચંપો છું, માટે ભ્રમરો તો મારી પાસે ક્યાંથી ફરકે ? ગમતાનો ગુલાલ ઉડાવવો મને ગમે છે પરંતુ હું ઉડાવ નથી. પતંગ બની આકાશમાં ઉડવું છે એ ખરું, પણ કુદરતને આ મંજૂર નથી ! જીવનનો દોર મારા હાથમાં છે જ ક્યાં ?

મારા પિતા ભાર્ગવ ભટ્ટ કર્મકાંડી બ્રાહ્મણ હતા. પાછા એ જ્યોતિષી પણ ખરા. યજમાનોના સુખ કાજે નવ ગ્રહોની એ સેવાપૂજા કરતા. પરંતુ, યમ એમને જ ભરખી ગયો ! મારી જન્મપત્રિકામાં કાલસર્પ યોગ હતો, ભરથારના ભોગ માટે માએ મને જવાબદાર લેખી. સેંથાનું સિંદૂર શું ગયું, હું જાણે એમની દીકરી જ મટી ગઈ !

ખોલીમાં અમારો વાસ હતો. ખોલકા જેવું અમારું જીવન હતું. ઢસરડો કર્યા વગર છૂટકો પણ ન હતો ! અમે બિચારાં હતાં, બીજાની દયા ઉપર અમારો ગુજારો હતો. રોવું, કકળવું અને અનુકંપા પ્રગટાવવી, અમારો નિત્યક્રમ બની ગયો હતો. બીજાને જે ના ખપે એ અમારે ખપમાં લેવાનું હતું. પરિશ્રમ વગર પામવું એ કદાચ વિધિની વિચિત્રતા હતી !

સંજોગો એવા હતા કે ધર્માદા સ્કૂલમાં મારે ભણવાનું થયું. અહીં મોટા ભાગનાં બધાં મારાં જેવાં હતાં. અરે ! માસ્તરો પણ ખિસ્સે ખાલી જ હતા ! પાણીમાં તકલી ફેરવવા જેવો સર્વનો ઘાટ હતો.

તકતે હું મને જોતી, તો ઘાટ જોઈ એને જ કદાચ શરમાવા જેવું થતું ! ગળું સારું ના કહેવાય, પરંતુ અવાજ ઠીકઠાક હતો. યજમાનોને રાજી રાખવાનો પિતાજીનો ગુણ મારામાં આવી બેઠો હતો. શિષ્ટ જબાન, શિસ્ત વ્યવહાર, અને એમનાં મુખપાઠ કરાવેલા સ્તોત્ર-શ્લોકોને કારણે હું બધાંની મનપસંદ હતી.

શેઠ ભગવાનદાસ રામૈયાની સખાવતે અમારી સ્કૂલ ચાલતી હતી. વર્ષોવર્ષ વાર્ષિક કાર્યક્રમમાં એ આવતા. એમને ખુશ કરવા તો આ કાર્યક્રમનું આયોજન થતું હતું. રાજીના રેડ કરી શેઠને વેતરવાનો સંચાલકોનો આશય હતો. આ કાજે હું એમનાં કામની ચીજ હતી. આનો ગલત અર્થ ના કરતા. સિર્ફ ચીજ, પણ પેલી મસ્ત મસ્ત જેવી તો જરાય નહીં !

શેઠજી દીકરાને સાથે લાવતા. એનું નામ મયંક. વર્ષ માટેનાં પારિતોષકો એ એનાં હસ્તક અપાવતા. આ રીતે પૈસા આપી નામ કમાવવાનાં પાઠો કદાચ એ એને પઢાવતા હશે ! પુત્રને પલોટવાનો એમનો આશય આ પણ હોય ! મોટા લોકોની મોટી વાતો, મારે વળી શું ?

મયંક ગોરોચટ્ટો હતો. એની ભૂરી આંખોની મને ઈર્ષા થતી. બાલ ભૂખરા અને ચીવટથી ઓળાયેલા રહેતા. એની આગળ તો હું કંઈ જ નહીં ! આભ અને જમીનનો ફેર, છતાં વયમાં અમે બન્ને સરખા હતાં !

છેલ્લા બાર વર્ષમાં મને મયંક થકી ઘણાં ઈનામ સાંપડ્યાં હતાં. ઈનામ તો ઠીક પણ એનાં મુલાયમ હાથનું સ્પર્શ મિલન મને ગમતું. આ કાજે મને ઈનામની ઝંખના રહેતી. આખું વર્ષ હું જબરી મહેનત કરતી, હરીફોને હંફાવવામાં હું પાછી ના પડતી, પ્રાપ્તિનો મને નશો ચઢ્યો હતો. ચિત્રકળા, નૃત્યનાટક, ગાયનવાદન, રમતગમત, નિબંધલેખન, વકતૃત્વસ્પર્ધા કે પરિક્ષાક્રમાંક, કોઈને કોઈ પારિતોષિક તો મને મળવું જ જોઈએ. ઈનામ જીતીને જ હું જંપતી.

મારે કબૂલ કરવું પડે કે ભણવામાં હું સામાન્ય હતી. યાદ રાખવું મુશ્કેલ ખરું, પરંતુ ગોખણપટ્ટીમાં હું એક્કી હતી. ગોફણ છોડ્યા ફટાફટ જવાબો હું એવા તો આપું કે સવાલો પૂછનારાં દંગ રહી જાય ! ગોખણની ગોફણનો રાઝ કેવળ હું જ જાણતી હતી. તાજું હોય તો હોઠે કે અક્ષરે બધું અકબંધ આવી બેસે, ઉતરે પછી પાછું એ યાદદાસ્તમાંથી જતું પણ રહે ! આમ છતાં મયંકનો હસ્ત મિલન સ્પર્શ દિલને હંમેશા પુલકિત કરતો રહેતો.

બેશક હું હોશિયાર ન હતી. માટે બારમામાં જ્યારે હું પ્રથમ વર્ગમાં પાસ થઈ ત્યારે મને ખુદને જ નવાઈ લાગી હતી ! શ્રેષ્ઠ વિદ્યાર્થીનીનું ઈનામ મારા માટે તો આકાશનો ચંદ્ર આંબવા જેવું હતું. ક્યાંય સુધી મારો હાથ મયંકના હાથમાં રહ્યો. હાથ હલતા રહ્યા કે અમે હલતા રહ્યા, આ ખબર જ ના પડી ! સ્વર્ગ સુખનો મને અનુભવ થઈ રહ્યો હતો. શેઠનાં ખોંખારાના અવાજે હું ભાનમાં આવી. મેં મારો હાથ મયંકના હાથમાંથી સેરવી લીધો.

'દીકરી, તેં મુબારક કામ કર્યું છે. સ્કૂલનું નામ તો તેં રોશન કર્યું, તારાં માબાપ પણ ધન્ય બન્યાં.'

'મારે મા છે, પિતાજી નથી.'

'હું ભૂલ્યો, મને કોઈકે પહેલાં જણાવ્યું હતું. ચિંતા કરીશ મા, તારી આગળની વ્યવસ્થા હવે મારા માથે છે. આગળ ભણવાનું, આગળ રહેવાનું, આગળ ઉપર આગળ જ રહેવાનું.'

'જી'

'હા' કે 'ના' ?

એક બાજુ શેઠ, બીજી તરફ મયંક અને વચ્ચે હું હતી.

'શું ?' હું દ્વિધામાં પડી.

શેઠનું પેટ મોટું હતું. મયંકના ચહેરા પર કોઈ ભાવ ન હતો.

મેં તને પૂછ્યું, 'હા' કે 'ના' ?

દીકરાના ખમીસનું એક બટન ગાયબ હતું, ભગવાનદાસનાં એક પગનાં જૂતાનું તળિયું બીજા કરતાં ત્રણ ઈંચ ઉંચું કળાયું.

'નરો વા કુંજરો વા.' જે હોઠે તે હૈયે ન હતું !

'એ તો ધર્મરાજા બોલ્યા હતા.'

'બેશક એ યુધિષ્ઠિર જ બોલ્યા હતા. એમનું કથન મને યાદ આવ્યું, માટે મેં આ દોહરાવ્યું. તમે પણ ધર્મી અને દાની છો. પ્રગતિને પંથે ચડાવનાર સર્વે મારા માટે ગુરુથી કમ નથી.'

શેઠજીએ ઘચરકું ખાધું. દીકરાની આંખ પટપટી. કોણ જાણે કેમ પણ મને ચટપટી પાણીપુરી ખાવાની તલપ જાગી.

'તું મને કમ ના માનતી હોઉ તો તારે મારી આજ્ઞાનું પાલન કરવું જ પડે. માંગુ તે દક્ષિણા આપવાની પણ તારી ફરજ બને. વળી હું તારા પિતા તુલ્ય છું. લે, મારી ખુશાલીનો આ પેંડો ખા.' **(અનુસંધાન પાના ૧૧ પર)**

### मेघदूतम्

(संपादकः डो.गौतम पटेल)

तस्माद् गच्छेरन तस्याः पातु सुरगज इव व्योम्नि पश्चार्धलम्बी
त्वं चेदच्छस्फटिकविशदं तर्कयेस्तिर्यगम्भः ।
संसर्पन्त्या सपदि भवतः स्रतसि च्छाययासौ
स्यादस्थानोपगतयमुनासन्गमेवाभिरामा ॥५३॥
आसीनानां सुरभितशीलं नाभिगंधैमरृगाणां
तस्या एव प्रभवमचलं प्राप्य गौरं तुषारैः ।
वक्ष्यस्यध्वश्रमविनयने तस्य शृन्गे निषण्णं
शोभां शुभ्रत्रिनयनवृषोत्खातपन्कोपमेयाम ॥५४॥

### મેઘદૂત

(સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

આકાશે તું સુરગજ સમો અગ્રભાગે નમીને,
પીવા ચોખ્ખું સ્ફટિકસમ જો નીર તું વિચારે,
સંક્રામતાં તરત વહ્નને છાંય તારી, નદી તે
અન્ય સ્થાને રચિત યમુનાસંગ જેવી સુહાશે. (૫૩)
જ્યાં બેઠાથી મૃગ, મઘમઘે નાભીગંધે શિલાઓ
પ્હોંચી તેના પ્રભવ, હિમથી ગૌર એ અદ્રિએ, તું
બેઠેલો તે શિખર પર તું માર્ગનો થાક ખાવા,
પામે શુભ્ર ત્રિનયનવૃષે ખોદિયા પંકની શ્રી. (૫૪)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

### Meghaduta of Kalidas (Editor: Dr.Gautam Patel)

If, like a suspended quarter elephant, you desire to sip the crystal clear water , then she will appear beautigul with your shadow falling in her stream, as if, her confluence with Yamuna has taken place at a point away from Prayag. (53)

Moving on to the mountain the source of the very river, white with snow and rokc scented with the musk of the dear, you, resting on it to remove your fatigue, will possess a beauty, resembling the earth turned up by Lord Shiv's white bull. (54)

To be continued: Two verses will be published in every issue.)